શ્રી રામ સમર્થ.

સાગ્ર સીંહસ્થ મહાત્મનું સુંદર અને સરળ ગુજરાતિ ભાષાંતર.

કરનાર.

વૈદ્ય પ્રભાકર કૃષ્ણ પંત નાસિકકર.

આયુર્વેદિક, અને ઔદ્યોગીક, રસાયન શાસ્ત્રજ્ઞ.

પ્રસિદ્ધ કરનાર.

લક્ષ્મણ રામચંદ્ર કરમરકરે.

પોતાના.

નાસીક મુકામે શ્રી સમર્થ છાપખાનામાં છાપ્યું.

સન. ૧૯૦૫

કિમત: ૪ આના.

પ્રસ્તાવના.

નિર્ગુણ, નિત્ય, નિરામય નિરાકાર સ્વરૂપ એવા [illegible] અમલ[illegible] ઉમન થયેલિ સો ચૈતન્યરૂપ આદ્યદેવિ શ્રી [illegible] સરસ્વતી જેના પ્રભાવ વડે કરીને શોભા [illegible]પાદકમળની અલભ્ય ભક્તી જેના લા-[illegible] પરમસુખ વર્ણન કરવાને કોઇ સમર્થ નથી એવી [illegible] દીન કૃપાસિંધુ[illegible]ને અનંતસાન્નિધ્ય [illegible] સ્મરણ કરનાર ભાગ્યશાળી નર કોઈ [illegible] જાણમાં આવે એનું કારણ કે બધા [illegible] સ્ત્રીની અસત્ સંગતિમાં નિમગ્ન થ-[illegible] સંસારના લૌકિક આનંદ સાગરમાં ડુબ-[illegible] ગએલા છે. અજ્ઞાનરૂપી અંધકારમાં ઉંડા જવાથી [illegible]નાના પ્રકારના પાપ, તાપ, દૈન્ય, અને દારિદ્રાદિ દુઃખો ભોગવેછે તેથી સારાસાર વિચારનો અભાવ થાયછે. તેથી કરીને સત્ય માર્ગેથી ભટકી એવા સંસાર પીડિત [illegible] જીવ સૃષ્ટીની દયા આવતાં અકસ્માત પોતાના એક અલ્પજ્ઞ અર્ભકના હૃદયમંદીરમાં સ્ફુરણદ્વારા [illegible] કરી [illegible] પોતાના જ્ઞાનરૂપ પ્રકાશવડે સકલ પાપ, તાપ, દૈન્ય, અને દુઃખનો

નાશકરનારો સોહરથ મહાત્મનું જેમાં વર્ણન કરેલુંછે. એવો શ્રી શંકર અને સ્કંદનો સંવાદ સંસ્કૃત ભાષામાંથી શ્રી ગુજર ભાષામાં વિદ્વાનોની સહાયતાથી લખાવી પ્રસિદ્ધ કર્યો એવું અલભ્ય લાભ દાતા દુર્લભ પુસ્તક દરેક માણુસે સંગ્રહમાં રખવા ભુલવું નહી અને ધનવાન, શ્રીમાન, રાજા. લોકોએ પોતાનો ઉદાર આશ્રય આપવાની આતક ગુમાવવી નહી. એવી વિનંતી કરી જે જે ગૃહસ્થો એ આ કામમાં સહાયતા કરીછે. તેમનો સ્નેહ પુર્વક આભાર માની ભગવતીની ઇચ્છાનુસારે આ પ્રસ્તાવના સમાપ્ત કરૂંછું.

પ્રકાશક.

સાંકળીયું.

શ્રીરામસમર્થ.



સિંહસ્થ વર્ષનું મહાત્મ, સંસ્કૃત પરથી ગુજરાતી તરજુમો.

શતર્ચિં અને ગૌતમ સંવાદ

પ્રકરણ ૧ લું.

હજારો વરસ પેહલાં એક વખત શતર્ચિં અને ગૌતમઋષી પોતાના આશ્રમમાં બેશી એક બિજાસાથે દુનીયાની સારાસાર બાબતોપર ચર્ચા કરતા હતા, ત્યારે: શતર્ચિં ઋષીએ મોટી નમનતાઇથી ગૌતમને આગ્રહ કર્યોકે; હે તાતજી, ઘણોજ,

પુરાતન અને ચમત્કારીક એવો એક ઇતીહાસ મારા સાંભળવામાં આવ્યોછે. તે આપની આજ્ઞા હોય તો કહી સંભળાવું

ગૌતમ:—ખુષીથી કહે હું ઘણા આનંદથી સાંભળીશ.

શતર્ચિ:—પૂર્વે સૌવીર દેશમાં બ્રામ્હણોનું મનોભાવથી પુજન કરવાવાળો. વિષ્ણુ ઉપાસક ઇંદ્રિયોને તાબેકરીછે એવો મહા વિખ્યાત ગોવિંદ નામનો બ્રામ્હણ રહેતો હતો, તેને ચાર પુત્રો હતા. તેમાંથી રામચંદ્ર નામનો મોટો પુત્ર રૂપવાન તેમજ ગુણવાન હતો. પણ બચપણથી નઠારી સંગત લાગવાથી શ્રેષ્ઠ એવા સ્વધર્મને વિસરી જઇ, મદીરા દેવીનો પરમભક્ત થયો, અને બ્રામ્હણોની નીંદા અને દ્વેષ કરવા લાગ્યો. વિષયવાસના અને કુછંદમાં પ્રિતી વધી, અને પરદારાને આધીન થઇ રહ્યો. તેમજ તેના વડીલોએ જે દ્રવ્ય સંપાદન કર્યું હતું તે આવા પાપકર્મમાં ખોયું, તેથી તેણે ગામમાં ચોરી કરવી શરૂ કરી. તેથી ત્યાના રાજા એ ક્રોધમાં આવી તેને હદપાર કર્યો.

હદપાર થવાથી રામચંદ્ર પોતાના બાપસાથે સૈહ્યાદ્રી પર્વત ઉપર આવીને રહ્યો ત્યાંપણ તેણે પોતાની તસ્કર વિદ્યાને છોડી નાહી તે હમેશ પ્રાણીની હીંસા અને ચોરી કરી દ્રવ્યાર્જનથી

પોતાનું ગુજરાન કરાવા લાગ્યો. એ પછિ કેટલેક દિવસે સિંહસ્થ પર્વણી આવી, તેથી ચારી દિશાથી મોટો યાત્રા ભેગીથવાલાગી અને શ્રી ત્રિંબકેશ્વરના દર્શન અને સ્નાન, દાન, શ્રાદ્ધ વીગેરે ક્રિયા કરીને સૈહ્યાદ્રી પર્વત પરથી ઉતરી પોત પોતાને ગામ-તરફ પાછા ફરતા એવા ઓને લુંટી; હીંસા કરી રામચંદ્ર પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યો.

એવામાં એક વખત અનાયાસે તે દુષ્ટ, ઘાતકી રામચંદ્રનો અંત થયો. અને તેને લઇજવા યમદૂતને બદલે શિવદૂત આવીચડ્યા. અને પોતાના દિવ્ય વિમાનમાં બેસાડી શિવ-લોક તરફ લઈ ગયા. તેથી મે અત્યંત અચંબ થઇને આ ઇતીહાસ કેહનારને પ્રશ્ન કર્યો કે આવા ઘોર પાપકર્મ કરનારને શીવ-લોકમાં જગા કેવી રીતે મળી તે કહો? તેણે જવાબ આપ્યો કે " જેને શ્રી ગંગા ગોદાવરીના પુણ્યદાઇ સ્નાનનો મહત લાભ થયોછે, તેવા ભાવીકોના સ્પર્શ માત્ર કરીને તે પાવન થઈ ગયો તે પછી ગંગાનુ સ્નાન અને પાન કરનાર પોતે અસંખ્ય લાભને પ્રાપ્ત કરેછે, તેમાં નવાઇ નથી અને તેના સર્વ પાતકોના નાશ થાયછે. "

આવી આ ધન્ય ધન્ય ગૌતમી ગોદાવરી છે. જેનું સ્નાનફલ, તેમજ સ્નાન કરનારા પણ ધન્યતાને પામેછે. તેમજ આ ગોદાવરીનું પવીત્ર ચરીત્ર જે શ્રવણ કરશે તેને

સ્હેજમાં ગોદાસ્નાનનું ફલ પ્રાપ્ત થશે અને અતી ઉત્તમ લોકને પામશે.

પ્રકરણુ ૨ જું.

શતર્ચી:—હે ગૌતમ સીંહરાશીમાં ગુરુ આવવાથી આ પ્રકારે ગંગાના સ્નાનનો મહિમા વધે છે તે મેં જાણ્યું પણ આ સીંહસ્થ પર્વણીમાં કયા કયા દાન કયે પ્રકારે અને વિધીએ દેવા અને તેનું ફળ શું અને જે આચરણથી અસંખ્ય લોકો સદગતીને પામેછે તે કેવા પ્રકારનું હોવું જોઇયે તે કૃપા કરી કહો.

ગૌતમ:—હે પુત્ર તેં જે ગુપ્તવાત મને પુછી તેનો ખુલાસો હુ કહુંછું તેતું સાભળ. જે તીથીએ સિંહરાશીનો ગુરુ આવે તે દીવસે ધીવડે કુંભ ભરીને (ધડો) દસ ધડીની અંદર વેદ વિદ્યાસંપન્ન એવા બ્રાહ્મણની અર્ધ્ય પાદ્ય પુજા કરીને વસ્ત્ર, અલંકાર, ભૂષણ હીરણ્ય દક્ષિણા વીગેરે શકતી અનુસાર આપી તે ધીથી ભરેલો ધડો બ્રાહ્મણને દાન કરવામાં આવે

તો એકસો ગાયનું દાન કરવા જેટલું ફળ પ્રાપ્ત થાયછે અને આ દાને કરીને તે પ્રાણી નિઃસંશય મુક્તીને મેળવે છે. તો હે બ્રાહ્મણોત્તમ ઊપર જણાવેલી વખતે ધૃત કુંભ દાનજ શ્રેષ્ટ કહેલુંછે. અને તેથી કરીને સર્વ પાતકી જીવો મુક્ત થઇ સર્વ દેવતાઓને પ્રીય થઈ પડેછે.

તેમજ આ સિંહસ્થ વરસમાં જે કોઇ ગોદામહાત્મનું પુસ્તક સુવર્ણના સિંહ સહીત સત્પાત્ર બ્રાહ્મણને દક્ષણાસહ અર્પણ કરશે તો તે દાનનું ફલ કથન કરવા ચતુર્મુખ બ્રહ્મા પણ સમર્થ નથી, તો પણ હું ટુંકામા કહું છું કે તે ભાવીક જે જે પ્રકારની ઇચ્છા ધારણ કરશે તે સર્વ તેને પ્રાપ્ત થશે. એટલુંજ નહી, પણ આખરે શ્રી વિષ્ણુના રૂપને પ્રાપ્ત કરશે.

શતર્ચી:—હે બ્રહ્મન્, આપે કહેલા ધતકુંભ દાનવડે અને પુસ્તકના દાનવડે કયો પામર પ્રાણી ઉધ્ધારને પામ્યોછે, તેનો કોઇ ઇતિહાસ કથન કરશો તો મારી અને બીજા ભાવીકોની ખાત્રી થશે.

ગૌતમ:—હે વત્સ, તારી શંકાનું નિવારણ કરવાહું એક પુરાતનમાં બનેલો દૃષ્ટાંત કહું છું તે તું ચિત્ત દઇને સાંભળ.

પુર્વે અવંતી નામના નગરમાં શોભન નામનો બ્રાહ્મણ

રેહતો હતો. તે માત્ર બ્રામ્હણ કૂલમાં જન્મ પામ્યો, એટલુજ પણ કાયમ મદીરાપાન કરતો; પરદારામાં આસકત રેહતો; પ્રાણીહીંસક; ધૂત; અને જુગારમા એકો અદાતાર ધન ધાન્ય હરણ કરનારો; કલહ કરનારો, લજ્જાહીન અભીમાની, ક્રોધી, ચાંડાળ લોકોપાસેથી કદાનો લઈ હમેશ પોતાની દાસીને આપનારો એવો આ નરાધમ નીંદાને પાત્ર કાર્યો આચરતો.

પછી એક વખતે તેની રખાતે તેને કહયું કે, આ જે ઘરમાં બિલકુલ દ્રવ્ય નથી, તેથી ગમે તે પ્રકારે પૈસો લાવી દે. ચોરી કરીને નહી તો આખરે પોતાની લગ્નની સ્ત્રી ઉપરના દાગીના વેચીને પણ પૈસો લાવીદે નહી તો પૈસા વગર જો આજ મારે ત્યા આવ્યોછે તો તને મારીને બહાર કાઢીશ એવું સાંભળી તે નરાધમ પોતાને ઘરે ગયો.

ત્યારે આપણા પતીની સ્વારી ઘેર આવેલી જોતાંજ તેની પતિવ્રતા સાધ્વી સ્ત્રી મોટા આનંદથી ઉઠીને ઉભી રહી. તે વખ્તે તેણે કહ્યું–આજ ઘરમા દાણા નથી. માટે દાણા લાવવા સારૂ તારા આંગ ઉપરના દાગિના મને દે. એવા ધણીને શબ્દ સાંભળીને તે સાધ્વી સ્ત્રી નમ્રતાપૂર્વક કેવા લાગી કે દાગિના આજ નથી. કાલે પરમદાડે આપિશ. એ શબ્દ સાંભળિને તે નિરાશ થઇને થોડી વખ્ત વિચાર કરવા બેઠો.

કે એથી રાખેલીને સુખ થશે નહીં, ત્યારે હવે શું કરવું ? એવા વિચારમાં હતો. અને તેના મનમાં દુષ્ટ વિચાર આવ્યો અને તે શોભનનામના બ્રાહ્મણે પોતાની સાધ્વી સ્ત્રી સુતેલી હતી તે જોઈને તે દુરાત્મા એ તેનો તલવારથી વધ કર્યો અને તેના અંગ ઉપરના દાગિના લઈને પોતાની રાખેલીના ઘેર આવ્યો, અને તે દાગિના આપીને બેઉજણ ખુશી થયા.

એ પ્રકારે તે દુરાચારી બ્રાહ્મણ એક વખતે સીંહરાશીમા ગુરૂ આવવાથી વૈશ્યથીતે શૂદ્ર સૂધી બધા પાસેથી હાથી, ઘોડા શય્યા અને ધૃતકુંભ એવા અનેક પ્રકારના દાનો મેળવીને ઘરે જતો હતો. તેવામાં અનાયાસે ઠેસ લાગવાથી એક (ધૃતકુંભ) ઘીથી ભરેલો ઘડો એક બ્રાહ્મણના ઘરમાં પડયો અને તેને ઇજા થવાથી આ પાપી બ્રાહ્મણનો મૃત્યુ થયો. ત્યારે યમદૂતો આવીને તેને લઇચાલ્યા. તે સમયે એવો ચમત્કાર બન્યો કે યમદૂતોના શંખ ચક્ર, ગદા, પદ્મ, વનમાળાઓવડે વિભૂષીત નંદ અને સુનંદ જેમાં પ્રમુખ છે એવા ચતુર્ભુજ પીતાંબર ધારણ કરેલા કીરીટ કુંડલ યુક્ત સૂર્ય સમાન દેદીપ્યમાન એવા વિષ્ણુ દૂતો સાથે મેળાપ થયો અને તેઓએ તે બ્રાહ્મણને યમદૂતો પાસેથી છોડાવી લીધો એટલામાં રૈવત, અજોભવ, ભીમ, બાણ, ઉગ્ર, વૃષાકપી ભસ્મ અને રુદ્રાક્ષ ધારણ કરનારા ડમરુ અને ત્રીશૂલ હાતમાં લીધેલ ચતુર્બાહુ અને ચતુર્મુખ એવા શીવના દુત મોટેથી શીવનામનો

ઉચ્ચાર કરતા આવીચડ્યા. અને વિષ્ણૂ અને શીવદુત એ બન્નેનો ભેટાથયો. શીવદૂતોએ કહ્યું કે શ્રી શંકરજી એ આ પરમ ભક્તને શીવલોકમાં લાવવા વાસ્તે આજ્ઞા કરેછે. તેથી તેને અમારે સ્વાધીન કરો. વિષ્ણુદુતો એ જવાબ આપ્યા કે આ ઘણો પુણ્યવાન બ્રામ્હણ હોવાથી વિષ્ણુ લોકને જવો જોઇયે અને તેમાં તમારી પણ સમ્મતીની જરૂર છે. એ તેમનૂં કહેવું કબુલ રાખી શીવદુત પાછા ફર્યા. પણ સમસ્ત જનો વિચાર કરવા લાગ્યા કે અહો આ તે કેવુ આશ્ચર્ય આ પ્રાણીએ એવા કયાં મહત પુણ્યના પ્રભાવથિ આવુ સુખ મેળવ્યુ. અને વિષ્ણુ રૂપને પામ્યો ?

ગાૈતમઃ—આ પાપી દુરાત્મા ઘીથી ભરેલા ઘડા લઇ અવંતી નગરના માંર્ગમાં ચાલતાં તેનો એક ઘડો એક પવીત્ર બ્રામ્હણના ઘેરમાં પડયો. એટલાજ પુણ્યના પ્રભાવથી તેના બધા પાતકોનો નાશ થયો. અને તે વિષ્ણુરૂપને પામ્યો. એટલા માટે હે વત્સઃ-આ મૃત્યુ લોકમાં વાસ કરનારા સર્વ જનો એ આ સીંહસ્થ પર્વણીમાં શ્રી ગાૈતમી ગંગાનૂં સ્નાન કરવૂં અને શ્રી ત્રંબકેશ્વરનું પુજન કરવું સુવર્ણની પ્રતિમારૂપી વાછડાવાળી ગાય કરી ઘીના ભરેલા ઘડા સહીત વસ્ત્રાલંકાર અને દક્ષણાથી બ્રામ્હણને સંતુષ્ટ કરવો. જે દાનનૂ પુંણ્ય વર્ણુન કરવા દેવતા પણ સમર્થ નથી.

તેમજ જે કોઇ આ ગાયના ઘીથી ભરેલા ઘડાના દાનનું આખ્યાન વાંચશે, અને સાંભળશે, તેના પણ સર્વ પાતકો રોગાદી પીડા ભસ્મ થઇજશે. ધનની ઇચ્છાવાળાને ધન મળશે. પુત્રની અપેક્ષા રાખનારને પુત્ર મળશે. મોક્ષાર્થિને મોક્ષ મળશે એવા ભાવીક પુણ્યના અધીકારી યશવાળા અને લાંબા અયુષ્યવાળા થશે. અને આખરે વિષ્ણુરૂપને પામશે.

આ મહાન પુણ્યદાતા ઇતીહાસ સીંહસ્થમહાત્મના બીજા પ્રકરણમાં પુરો થયો છે.

પ્રકરણ ૩ જું.

સ્કંદ અને શ્રી શંકરનો સંવાદ.

સ્કંદઃ—હે તાતજી, મે અગાઉ એક વખત બ્રહ્મદેવને મોઢેથી એવી કથા શ્રવણ કરીહતી કે-જે વખતે સીંહરાશીમાં ગુરૂ આવે છે તે વખતે પૂર્વે ગોતમમુનીએ મહાન તપ કરીને શીવની આરાધનાથી શ્રી શંકરને પ્રસંન્ન કર્યા, અને તે-

મની પાસેથી ; તેમની જટામાં વાસ કરનારી ત્રૈલોક્ય પાવની ગંગા માગીલીધી અને તે જગતનો ઉધ્ધાર કરવા તેમના ભક્તીબળે કરીને પ્રગટ થઈ છે તેને ભેટવા અને તેને કાંઠે વાસ કરવા તેત્રીશકોટી દેવ સુરવર અને બધા તીર્થો ત્યાં ભેગા થાયછે. અને એક વરસ ત્યા રહીને ગંગાનું પૂજન; સ્નાન; પાન; દાન વીગેરે મોટા ભક્તી ભાવથી અને પ્રેમથી કરીને આનંદમાં નિમગ્ન થઇને વરસની આખરે પોતપાતાને સ્થળે ચાલ્યા જાયછે એ પ્રમાણે વિધાતા એ કહ્યું

તો હે જગત્પ્રભો, એવો તે ગૌતમી ગંગાનો વિશેષ ફલદાયક પ્રકાર શું છે? અને તે સઘળાં દેવતાઓને પોતાનું સ્થાન છોડી આવવાનો અને દેવ સુરવરો આ સીંહસ્થના વરસમાંજ દેવ-લોક છોડીને આવવાનો હેતુ શો. અને એવી તે શ્રેષ્ટ ગોદાવરી ક્યાં છે સર્વ તીર્થોનો અને તેનો સંગમ ક્યાં થાય છે. અને આવે આનંદમય વખતે જે ઠેકાણે સર્વ દેવો વાસ કરેછે. તે અત્યંત શ્રેષ્ટ કુશાવર્ત ક્યાં છે? એ સઘળુ આપની વાણીથી સાંભળવાની મને ઘણી ઇચ્છા થઇછે. તો તે મારી જીજ્ઞાસા પુરી કરો.

શીવઃ—ત્ર્યંબકેશ્વરમાં કુશાવર્ત, કનખલ, ગંગાસાગર એ ત્રણ ઠેકાણે માત્ર દુર્લભ એવી ગંગા ગૌતમના સ્કંધમાંથી

ઉત્પન્ન થઇછે. બીજે સર્વ સ્થળે તે સુલભછે. તેથી આ ગૌતમી ગંગા કહેવાયછે. તેમજ બે લાખ કૃતયુગના ગયા ત્યારે અને ચક્રકર્તા માંધાતા હોઇને કુર્માવતારમાં સીંહરાશીમાં ગુરૂ આવ્યો, ત્યારે બ્રમ્હાદ્રીશીખરમાંથી ગંગા ઉત્પન્ન થઇ પૂર્વ સાગરને મળી માટેજ ગૌતમી ગંગા વીશેષે કરીને સીંહસ્થના વરસમાં વધારે પુણ્યદાતા છે. સીંહસ્થ જેવો બિજો પુણ્યનો વખતજ નથી.

તો હે કાર્તિકેય, આ ગૌતમી ગંગા સદા સર્વદા પુંણ્ય પાવનીતોછેજ. પણ સીંહસ્થમાં વીશેષ મહાત્મ મનાય છે. અને આપણા સર્વ પીતરો આનંદથી એવી ઇચ્છા ધરાવે છે કે અમારા વંશમાંથી કોઇ પણ એકાદો આ સીંહસ્થ પર્વણીમાં શ્રી ગોદાને કાંઠે જઇ. સ્નાન, યથાવિધી શ્રાધ્ધ, પીંડદાન કરશે તો તેના પુણ્યવડે કરીને અમને સ્વર્ગમાં કાયમનો વાસ મળે. વળી આ મહાન પર્વણીમાં ઇંદ્ર પોતે પોતાની અપ્સરાને લઇને ગૌતમતીર્થ વીશે આવેછે. અને પૃથ્વી ઉપરના શ્રી વિસ્વેશ્વરાદી બધા લીંગો બ્રમ્હા, વિષ્ણ, મહેશાદી બધા દેવતા કશ્યપાદી બધા રૂષીઓ ઇત્યાદી સર્વ તીર્થો સર્વ પાપોને ધોઇ નાખવાવાળી શ્રી ગૌતમી ગંગાના મૂળ ઉત્પત્તી સ્થાનમાં વાસ કરવા આવેછે માટેજ સીંહરાસિમાં ગુરુ એ સર્વ પાપનો ક્ષય કરનારોછે. તે વિશે હું એક પુરાતન કથા કહું તે સાંભળ.

પૂર્વે સર્વ તીર્થો અસંખ્ય જનોવડે ધોવાયલા પાપથી દુષીત અને ઘણા મલીન થવાથી અતિ ત્રાસને પામ્યા અને બધા એકઠા મળી મને (શંકરને) શરણે આવ્યા અને બોલ્યા કે હે નાથ, અમો અસંખ્ય પાપી જનોના પાપો નાશ કરવાના સંસર્ગમાં અતિશય મલીન થયાં છીયે અને અમારા શરીર દાઝી ગયાછે. તેથી અમારામાં હવે મહા પાતક નાશન શકતી પણ રહી નથી. તો હે પ્રભો, હવે અમારે કયાં જવું, અને શું કરવું ? તે કૃપા કરી કહો.

આવા પ્રકારે સર્વ તીર્થોની વિનંતી સાંભળી શંકર બોલ્યા તમોને પાવન થવાનો હું એકજ ઉપાય કહુંછુ કે જે વખતે સીંહરાશીમાં ગુરૂ આવે તે વખતે તમે બધા મળી ગોદાવરી તીર્થ ઉપર આવો, અને ત્યા એક વર્ષ સુધી અમારી સંગતીમાં રહો એટલે તમે પાવન થઈ જશો. એમ કહીને તેઓને સાથે લઈ શ્રી શંકર ત્ર્યંબકક્ષેત્રનેવિશે પધાર્યા. અને ત્યાં એક વર્ષ સુધી રહીને સર્વ તીર્થોને પાવન થએલા જોઇને બોલ્યા કે તમારે દરેક સિંહસ્થના વર્ષમાં અત્રે એક વર્ષ રહિને તમારી જગોએ ચાલ્યા જવું. શંકરના એવા વચન સાંભળીને સર્વ તીર્થો પોતપોતાને ઠેકાણે ગયા, અને તેથીજ સિંહસ્થ સર્વ કાળમાં પુણ્યકાળ કહેવાય છે.

હે ષડાનન, આ ગોદાવરીનું મહત્વ કેટલું પુણ્યવાળ

છે તેવિષે હૂં એક તને ખરી બનેલી ચમત્કારીક વાત કહું તે ધ્યાન દઇ સાંભળ. જેથી તારી ખાત્રી થશે.

પૂર્વે કૃતયુગમાં આ ધરતીપર ચંદ્રસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. પણ તે રાતદીન પોતાના ધર્મથી વીમુખ રહી, મધપાનાદી પાપચરણો આચરવામાં મગ્ન રહેતો. આવા દુષ્ટ કામોમાં તેની ઘણી ખરી આયુષ્ય વિત્યાબાદ તે એક દિવસે મૃત્યુપાશવડે મરણને પામ્યો. અને યમદૂતોએ તેને ખુબ જોસથી બાંધીને યમદરબારમાં હાજર કર્યો જેને જોઈ તરતજ, યમરાજાએ પોતાના ચિત્રગુપ્તને પુછ્યું કે આ માણસે પુણ્ય અને પાપ કેટલું કેટલું કર્યુંછે તે તપાસીને મને કહે. તેના જવાબમાં ચિત્રગુપ્તે કહયું કે આણે પુણ્ય તો બીલકુલ કર્યું નથી, પણ જે કર્યુંછે તે બધું પાપ છે, માટે તેવા અગણીત પાપને માટે શું શીક્ષા કરવી તે ફરમાવો. એટલામાં ત્યાં હાથમાં ત્રીશૂળ લઇ ભસ્મથી ભુષીત થયેલા. જટાધારી, બળદપર સ્વારી કરેલા શીવસ્વરૂપી શીવદૂતો આવીને તેને લઈ જવા લાગ્યા. આ જોઇ યમધર્મ બોલ્યા, આ શીક્ષાને પાત્ર હોવા છતાં તમો તેને લઇ જાવછો તે શું ? શીવદૂતો એ જવાબ આપ્યો કે. પૂર્વે એક વખત સિંહસ્થ પર્વણી આવી હતી તે વખત ઉનાળાની રૂતુમાં ગરમીથી ત્રાસી જઇને પોતાની રૂપવંતી રાણીઓ સહીત ત્ર્યંબકેશ્વર

આવ્યો હતો. અને ત્યાં તેણે સર્વ સ્ત્રીઓસહીત મનમાની જળક્રીડા કરી હતી. જે કારણને લીધે તેના સર્વ પાપ ધોવાઇ જઈ તે પવીત્ર થયોછે. કારણ આ સિંહસ્થના પુણ્યકાલમાં જે કોઇ ભકતીવડે અથવા સ્હેજમાં અજાણતાં સ્નાન, અને પાન કરે તેના પાતકોનો લય થાયછે. અને દુઃખ, મોહ, ભય, બંધનથી તે પ્રાણી મુકત થાયછે. એમ કહી તે રાજાને વિમાનમાં બેસાડી શીવદૂતો શીવની સમીપ લઇગયા અને યમદુતો પોતપોતાને ઠેકાણે ચાલ્યા ગયા. ઈત્યાદી કથાભાગ આ ત્રીજા પ્રકરણમાં પુરો થયો.

પ્રકરણ ૪ થું

શંકરઃ—હે ષડાનન, હવે જે કથાના શ્રવણ પઠણવડે નિસ્સંશય સર્વ પાતકો નાશ પામેછે એવી આ ગોદાવરીના કીનારાપર બનેલી દેવાગમનની સુંદર કથા તને કહુછું તે સાંભળ.

પૂર્વે સર્વ દાનવોનો રાજા જે ત્રીપુરાસુર દૈત્ય બહુ પ્રબળ

થઈજવાથી દેવબ્રાહ્મણાદીને ઘણો ત્રાસ આપવા લાગ્યો. ત્યારે બ્રહ્મદેવ સહીત સર્વ દેવ દિગ્પાલ મળીને વિષ્ણુલોકમાં જઈ. વિષ્ણુની સ્તુતી કરીને ત્રીપુરાસુર દૈત્યના ત્રાસની હકીકત જણાવી. જેથી મહાવિષ્ણૂ સર્વને સાથે લઇ કૈલાસ પર્વત ઉપર પાર્વતીરમણ પાસે આવ્યા, અને બધા નમસ્કાર કરીને ફરતા બેસી ગયા.

વિષ્ણુઃ—આજ અત્રે અમારાં બધાના આવવાનું કારણ એવું છે કે ત્રીપુરાસૂર નામના દૈત્યે આ સર્વ દેવોને મહા ઘોર રણકંદનમાં હેરાન કરી પરાજીત કર્યાછે તો તેનો આપ કોઇ વખત કોઇ ઉપાય કરી સંહાર કરો ત્યારે ખરૂં. પણ ત્યાં સુધી અમા બધાને આ ભૂતલપર તેનો ત્રાસ પોંચે નહી એવું નિવાસસ્થાન બતાવો.

શીવઃ—તમારા બધાને એવું સુખકર નિવાસસ્થાન મહીંતલપર એક ત્ર્યંબકક્ષેત્ર છે અને તેજ ઠેકાણેથી મુળ ગોદાની ઊત્પત્તી થઇછે એવા નિવાસસ્થાનમાં મારી આજ્ઞાવડે તમે બધા જઇવસો. અને સીંહસ્થના વર્ષમાં જે ગંગાના સ્નાનવડે હજારો પાપ નાશ પામેછે તેનું સ્નાન પાન કરી બધા ત્યાં આનંદમાં રહો. જેથી તમને પડેલો ત્રાસ શાંત થશે અને સંતાપનું સમાધાન થશે.

બ્રમ્હાદીક દેવો એ મહાદેવની એવી આજ્ઞાને આધીન થઈ પોતાના શરીર પીડાના નીવારણ માટે સર્વ દેવો ગોદાવરીને કાંઠે ત્ર્યંબક ક્ષેત્રપર આવીને રહ્યા, પછી કેટલોક વખત વિત્યાબાદ શ્રી શંકરે ત્રિપુરાસુર દૈત્યનો સંહાર કરી ત્ર્યંબકેશ્વર અવીને દેવતા ઓને પોત પોતાને ઠેકાણે જવાનૂ કહ્યું.

દેવ:—હે મહારાજ હવે અમોને હમેશાં આ પુણ્ય પાવન તીર્થમાં રહેવાની ઇચ્છા થઈછે તેથી અમને બધાને અત્રે જુદે જુદે સ્થળે રહેવાની આજ્ઞા કરો.

શીવ:—હે દેવતાઓ તમો સર્વ પ્રતિમારુપે આ ત્રિંબ-કક્ષેતમાં રહો. અને દેહરૂપે પોતપોતાને સ્થાને જઈ ત્યાં નિર્ભયનાથી વાસ કરો.

આવા પ્રકારની શંકરની આજ્ઞા સાંભળી પોતાની પ્રતિમા ત્યાં રાખી સ્વસ્થાને ગયા. અને મારી આજ્ઞાથી આ દેવે. સીંહસ્થમાં દેહધારી થઇને શ્રી ત્રિંબક ક્ષેત્રી આવી રહેછે અને બિજેવખતે પ્રતિમારૂપે રહેછે તેથીજ સર્વ ક્ષેત્રમાં ત્રીંબકેસ્વર મોટું ક્ષેત્ર ગણાય છે.

હે પુત્ર શડાંનન તો એક ઘણુંજ જૂનો અને સકલ

પાપ, તાપ, દરીદ્રનો નાશ કરવાવાળી કથા કહું છું.

પૂર્વે કોઇ દેવબ્રાહ્મણની પુજા કરનારા મહા તપોનિધી ગૌતમ નામના બ્રહ્માર્ષી એ ગોહત્યાના પાતકથી પતિત થએલો હોવાથી શ્રી ત્રંબકેશ્વરને શરણે આવી સાષ્ટાંગ નમસ્કાર કરી પ્રાર્થના કરી કે—

ગૌતમ૦—હે નાથ, તું ભોગાર્થિ જનને ઇચ્છીત ભોગ ભોગવવા આપેછે. નિર્ધનને ધનીક બનાવેછે; અવિદ્વાનને વિદ્યાદાન દઇ ગુણવાન બનાવેછે. ઇત્યાદી અસંખ્ય મુક્તીઓવડે શરણાગતની મનકામના પૂર્ણ કરનાર દયાંસિધો વિશ્વનાથ, કરૂણાકર, શુલપાણી, શશીશેખર, ચંદ્રમૌળી, હે નીલકંઠ, મદનાંતક, વિશ્વમૂર્તી, ગૌરીપતી હું દીનપર કૃપા કર. તેમજ હે જગજ્જનની શિવાંબિકા તનેપણ હું શરણાંગત થઇ વિનંતી કરૂં છું કે મેં જે આ તમારી સન્નીધ રહીને તપાનુષ્ઠાનને આરંભ કર્યો છે તે કેવળ પવીત્ર થઇ જગતનો ઉદ્ધાર થાય એવાજ હેતુથી આપબન્નેને વારંવાર અરજ કરૂ છું કે આ તમારા બાળકપર કૃપાકરી હેતુ પૂર્ણ કરો અને જગતમાં કીર્તીરૂપે મારૂં નામ અમર રહે તેમ કરજો.

એ પ્રકારે ગૌરીહરને સ્તુતી સાંભળી ઘણો આનંદ થઓ. આ ને બોલ્યા કે હે મુનીવર, અમે તારી નિષ્કામ ભક્તી અને અઘર તપાચરણ જોઇને બન્ને ખુશિ થયાછીએ તો ત્રણે લોકમાં જે કંઈ અત્યંત દુરલભ એવી માગણી માગીસે, અમો બન્ને આપવા તૈયારછીયે.

આ ગૌરીહરનું વરદાઇ વાક્ય શ્રવણ કરતાં વેંતજ ગાતમ મુનીને પરમ આનંદ થયો, અને તે આનંદના જોસમાંજ—

"अहोदैव महाधर्म अहोलोक प्रपूजनम् ॥
अहोलोकगतिश्चित्रा विश्वकर्त्रे नमोस्तुते ॥"

એવું વાક્ય ઉચ્ચારીને તે પિનાકપાણીને સાષ્ટાંગ દંડવત કર્યાં, અને હાત જોડીને માગણી કરી કે હે રતિપતીદહન આપની જટામાં વાસ કરતી એવી શ્રી ગંગામાતા ત્રણે લોકનો ઉદ્ધાર કરવા સારુ મને દ્યો.

શંકર૦—હે ગાતમ, આ માગણી તો તેં ત્રણે લોકના જીવના ઉદ્ધાર અર્થે કરી; પણ તેં તારેમાટે કંઈ

આગ્યુ નથી. માટે તારે પોતાને માટે કંઈ વર માગ અમો દેવા તૈયાર છીયે.

ગૌતમ૦—હે રતિપતીદહન, ગોવીંદ જો આપની ઇચ્છા છે તો મને એટલુંજ આપો કે "મેં જે આટલાવખત સુધી સ્તોત્રરૂપે આપની અને માતા ભગવતીની સ્તુતી ગાઈ અને જે સ્તુતીવડે પ્રસન્ન થઇ આપ બન્ને મારો હેતુ સફલ કરવા સિધ્ધ થયા, એવા સ્તોત્રનું જે કોઇ શ્રવણ પઠણ કરે તેઓની સર્વ મનકામના આપે પુર્ણ કરવી. અને આ આપની જટાને શોભા દેનારી લોકપાવની ગંગા જે આપને બહુ પ્રીય છે તે જે બ્રહ્મગિરી ઉપર સરીતારૂપે પ્રગટ થઇ. સર્વ તીર્થોને પોતાંનાં ઉદરમાં ધારણ કરી પૂર્વ સાગરને જઇ મળવું. અને આવી શ્રેષ્ઠ ગૌતમી ગંગામાં જે કોઇ સ્નાન, પાન, દાન ઇત્યાદી પુણ્યાચરણ કરે તેઓના કાયા, વાચા અને મનવડે બ્રહ્મહત્યાદિ થયેલાં પાપો હે દયાસીંધો આપના વરપ્રસાદે કરીને નાશ પામે એવી મારી પ્રાર્થના છે. તેમજ હે ભક્તવત્સલ, ચંદ્ર કે સુર્ય ગ્રહણમાં અથવા ત્રિપુષ્કર સંક્રાંતમાં, આસન વીગેરે પુણ્યકાલને વીષે અન્ય તીર્થોમા સ્નાન કરવાથી જે જે

ફલ પ્રાપ્ત થાય તે બધા ફલ ગંગાના સ્મરણમાત્રે કરીને મનુષ્યને પ્રાપ્ત થાય. કૃતયુગમાં તપ કરવાનો, દ્વાપારયુગમાં યજ્ઞ દાન કરવાનો અને કલીયુગમાં માત્ર દાન કરવાનો યુગધર્મ તેમજ દેશધર્મ; અને દેશકાળાદીના સંયોગથી પેદાથનારા ધર્મ બધા આ ગંગામાં વાસ કરે. અને સ્મરણમાત્રેકરીને ઉપર કહીગયેલા સર્વ ધર્મ અને પુણ્યમાત્રની પ્રાપ્તી થાય અને હે ભગવાન, તે ગંગા સમુદ્રતરફ જતાં કે જે સ્થાનવીષે જાય તે તે સ્થળે આપ પણ વાસ કરતારહો, એવી મારી મનોભાવથી પ્રાર્થનાછે.

તેજપ્રમાણે વળી આ ગંગાથી દસ જોજનની અંદર જે કોઇ મહા પાતકિ જનમે તેના મા બાપ સહીત તેનો ઉધ્ધાર થાય. અને તે હદમાં જે કોઇ મૃત્યુ પામે તેને મુક્તી પ્રાપ્ત થાય. અને આ ગૌતમી ગંગા પોતેજ સ્વર્ગ, મૃત્યુ, અને પાતાળના સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ ગણાય, એવી મારી પ્રાર્થનાછે.

શંકર૦—તથાસ્તુ તારા ઇચ્છીત હેતુ મુજબ બધું થઇ રહેશે., અને આ ગૌતમી ગંગાનું સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ તીર્થ ગણાશે. અને ચારે વેદ પણ આને મોટું

માન આપશે. આ હું તને સત્ય કહું છું. એમ કહી તરતજ પોતાની જટા ગૌતમને સોંપી શ્રી ગિરીજારમણ અંતરધાન થઇ ગયા. પછી ગૌતમ તે જટા લઇ બ્રમ્હ-ગીરી શીખરપર ગયા ત્યારે દેવતાઓએ ગૌતમ ઉપર પુષ્પવૃષ્ટી કરી. ઇંદ્રાદી સકલ દેવ અને ઋષીસહિત ત્યાં સહુ પધાર્યા અને ગૌતમ નામનો મોટથી જયઘોષ કરી તે ગૌતમી ગંગાનું યથાવિધી પૂજન કર્યું.

માટે હે ષણ્મુખ આ સર્વ પાપનો નાશકરનારી પુણ્યદાઇ ગોદાવરીમાં સીંહસ્થ પર્વણીમાં જે કોઇ સ્નાન દાન પુજનાદી કરશે તેના સર્વ પાતકો ભસ્મથઇ પાવન થઇ જશે: અને સકલ મનોરથ પુર્ણ થશે.

પ્રકરણ ૫ મું.

સ્કંદ૦—હે શંકર, શ્રી ગૌતમરૂષીએ જેમાં ગંગાજી હતા તે જટા લઇ પછી શું કર્યું તે કથા સવીસ્તર સાંભળવા ઇચ્છા છે તો કૃપા કરી કહો.

શંકર૦—ગંગા મેળવ્યા પછી બ્રમ્હગીરી ઉપર રહેનારા દેવ, ગંધર્વ, ઋષીઓ એ ગૌતમની પુજા કરી અને ગૌતમ તે જટાને બ્રમ્હગીરીના શીખરપર રાખી માં સ્મરણ કરી જટાની અંદરની ગંગાની પ્રાર્થના કરી કે—

" त्र्यंबकस्य जटोद्भूते ।
सर्व काम प्रदायिनी ॥
क्षमस्व मातः शांतासि ।
सुखं व्रज हितं कुरु ॥ १ ॥ "

આવા પ્રકારે ગૌતમની પ્રાર્થના સાંભળી ગંગાજી પ્રસન્ન થઇને બોલ્યાં કે—હે સર્વ મારા ભક્તોમાં ઉત્તમ ગૌતમમુની હવે હું દીવ્યરૂપ ધારણ કરી દેવસદનમાં જઉં કે કમંડલુમાં જઉં કે રસાતળમાં જઉં તે મો કહે.

ગૌતમ૦—હે અંબે-સ્વર્ગ, મૃત્યુ પાતાળના સર્વ જનોના પાપકર્મો દર્શન અને સ્પર્શન માત્રે કરીને નાશ

પામે અને તેઓનો ઉધ્ધાર થાય એવા હેતુથી મે તને શંકરપાસેથી માગીલીધીછે તે તુ જાણેછે તો મારા લોકોનો ઉધ્ધાર કરવાનો હેતુ સફલ કરવા તું સમર્થ છે. હું લાચાર તને વધારે શું કહું.

આવા પ્રકારે ગૌતમના વચન સાંભળી તેની ઇચ્છાપ્રમાણે પોતાના ત્રણ ભાગ કરી ચાર અંશને સ્વર્ગમાં મોકલ્યા. સાત અંશે કરીને મૃત્યુલોકમાં રહી અને ચાર અંશ રસાતળમાં મોકલ્યા.

એવી રીતે પંચદશાકૃતી ગંગા જેણે ત્રણે લોક સરખી રીતે વ્યાપી દીધાછે. મૃત્યુલોકના માનવીને સ્વર્ગ અને પાતાળે જવૂં દુર્લભ હોવાથી જેની શ્રી ત્રંબક ક્ષેત્રમાં ઉત્પત્તી થઇ છે તેથી તેનુ મહાત્મ સહુથી વધારે છે. અને પુર્વ સાગરને મળેલી હોવાથી સર્વ દેવતાઓ જેમાં વાસ કરેછે એવી ગંગાની ગૌતમે સકલ ઋષીસહીત પ્રદક્ષીણા કરી પછી શ્રી ત્રંબકેશનું પુજન કરી ગોદાવરીને બન્ને કાંઠે સ્નાન કરવાનો સંકલ્પ કર્યો. અને હે ભગવાન આ મારો હેતુ સફલ થજો એવી ભક્તીભાવથી પ્રાર્થના કરી

શંકર૦—હે ગૌતમ તું ઋષીઓસહીત ગંગાની પ્રદક્ષીણા કરવા જવાં મારૂં સ્મરણ કરતાં વેંતજ હું ત્યાં આ વીશ અને ગંગાને બન્ને કાંઠે નાનાપ્રકારના તીર્થો પેદાથશે. અને હું પોતે સર્વના હેતુ પુર્ણ કરવાને ત્યા વાસ કરીશ. અને ભાગીરથી, હરીદ્વાર, પ્રયાગ, ગંગાસાગર, સંગમતીર્થ, પવીત્ર નર્મદા, અમરકંટક પર્વતઉપરની યમુના, તેમજ જ્યાં જ્યાં ગંગા, યમુના અને સરસ્વતી એ એના સંગમ તીર્થો છે ત્યા પયોષ્ણી, તાપી, સંગમી ઇત્યાદી સ્થળો એ સ્નાન કરવાથી પુણ્યની પ્રાપ્તી થઈ મુક્તીનું સામ્રાજ્ય મળછે. તે સર્વ ફળ આ ગૌતમી ગંગામાં કોઈ પણ જગા એ સ્નાન કરવાથી સર્વ કાળે મારી આજ્ઞાથી પ્રાપ્ત થશે, અને મુક્તી પણ મળશે.

કેટલાક તીર્થો અમૂક વખત અને અમૂક પ્રસંગેજ માણસને પવીત્ર કરી શકેછે પણ આ ગૌતમી ગંગા કોઈબી વખતે કોઈબી સ્થળે સ્નાન કરવાથી પ્રાણીમાત્રને પવીત્ર કરેછે. ભાગીરથીનુ સાઠ હજાર વરસ સુધી નીત નીયમથી સ્નાન કરવાથી જે પુણ્યની પ્રાપ્તી થાયછે તે સીંહરાશીમાં ગુરૂ આવ્યો હોય તો ગોદાવરીનુ એકવાર સ્નાન કરવાથી પ્રાપ્ત થાયછે. સીંહસ્થનો

સમયે શ્રી ગૌતમીના કીનારા ઉપર જેનો મૃત્યુ થશે તે મારા પદને પામશે.

આ ગૌતમીના સ્નાનને ખાતર ખાસ કરીને ભાગીરથી, નરમદા, સરસ્વતી વીગેરે નદીઓ તથા તીર્થો આવેછે. ગૌતમી ગંગાનો ત્યાગ કરીને જે મુઢ પુરૂષો બીજા તીરથનુ સેવન કરવા જાયછે તે નર્કને પામેછે. આનેજ માહેશ્વરી, ગંગા, ગૌતમા, વૈષ્ણવી, બ્રામ્હી, ગોદાવરી, નંદા સુનંદા, વીગેરે નામો બ્રમ્હતેજને લીધે પ્રાપ્ત થયાંછે. અને તેથીજ સકલ તીર્થો અને નદીઓમાં શ્રેષ્ઠપણાને પામીછે. જેના સ્મરણે પાપનો નાશ થાયછે અને સર્વદા મને પ્રિયછે. એટલુંજ નહી પણ પંચભુતમાં પણ ઉદક શ્રેષ્ઠ છે. તેમાં વળી તીર્થવાળૂં જલ સ્થીર, પ્રવાહી હોઇને પવિત્ર હોયછે. નદિઓમાં ભાગીરથી શ્રેષ્ટ અને તેનાથી ગૌતમી શ્રેષ્ઠ. કારણ ગૌતમમુની એ ઘણિ મેહનતથી ગંગાને અત્રે આણીછે. અને તેને સકળ તીર્થવાળી અને પવિત્ર બનાવીછે.

હે ષડાનન, આ પ્રમાણે ગૌતમે ગોદાવરીની પ્રાપ્તી કરીને તેનો ઇતીહાસ તુને કહો જ્યાં ગૌતમી ગંગ

ઉત્પન્ન થાયછે અને જ્યાં બ્રમ્હગીરી ઉપર કુશાવર્ત નામનું તીર્થ છે તેના કરતાં વધારે મહત્વ ધરાવનારૂં તીર્થ આ દુનિયામાં બીજું નથી. કારણ ત્યાં સર્વ તીર્થો નિવાસ કરેછે માટે હે પુત્ર, ગોદાવરી મોક્ષ પુણ્ય આપનારી પાપનાશિની અને મનુષ્યમાત્રના સર્વ હેતુ પૂર્ણ કરવાવાળી છે. અને ગુરૂ સીંહરાશીમાં હોય છે ત્યારે ઘણું કરીને મુક્તી આપનારી એવી ગંગાનુ સ્વરૂપ વર્ણન કર્યું આથી વધારે શું સાંભળવાની ઇચ્છાછે ?

આવું રસિક અને પુણ્યદાઈ ભગવતી ગંગાનુ મહાત્મ જે કોઈ ભકતીભાવથી સાંભળેછે અને બીજાને સંભળાવેછે તે સકલ પાતકમાંથી મુકત થાયછે. આવી આ સુંદર કથા વાળુ સીંહસ્થ મહાત્મનું પાંચમું પ્રકરણ સમાપ્ત થયું.

પ્રકરણ ૬ ઠ્ઠું.

સ્કંદ કહેછે—હે તાતજી, ગૌતમે જે ગંગા મત્યુલોકમાં આણી તેનો પુણ્યદાયક મહિમા આપે કહ્યો;

પરતુ હે શંકરજી. ક્ષત્રીઓ કેવા કારણથી ગંગાને લઈ આવ્યા તે કથાનો બીજો ભાગ. કહેવાનો બાકી રહી ગયોછે. તે સાંભળવાની. મારી. ઇચ્છા તૃપ્ત થઇ નથી તો તે કથા પૂર્ણ કરો.

શંકર૦—કહેછે હે પુત્ર, વૈવસ્વત મનુમાં અને ઇક્ષ્વાકુ કુલમાં ઉત્પન્ન થયેલો કોઈ એક સગર નામનો રાજા. આ પૃથ્વીપર રાજ્ય ચલાવતો હતો. તે રાજા અશ્વમેધ કરવા માટે દીક્ષા લઇને નીયમસર આચરણ કરવાવાળા એવા રાજા તે પોતાના યુદ્ધકળામાં નીપુણ એવા સાઠ હજાર પુત્રોની સાથે પોતાના અશ્વને પૃથ્વી-પર મુસાફરી. કરવામાટે મોકલ્યો તે બધા પુત્રો એક દિવસે અશ્વની રક્ષા કરતા હતા તે વખત એક રાક્ષસે આવી પોતાના જાદુબળથી તેમની નજર બંદ કરી ઘોડાને ઉપાડીગયો.

હવે આ સગર રાજાના બળવાન પુત્રો ઘોડાને નહી જોવાથી ઘબરાઇગયા, અને આમ તેમ તપાસતાં તપા-સતાં દેવલોકમાં પર્વતોમાં વનેવનમાં, અને નદીમાં શોધ કરીજોયો પણ તેમને જ્યારે અશ્વ કોઇ જગાયે મળી શક્યો નહી, ત્યારે બધા મળી દેવલોકનેવાસી

ગયા અને અશ્વનો ધણી બારીકીથી શોધ કરવા લાગ્યા, પણ ત્યાંપણ કાંઇ પતો લાગ્યો નહી. તેથી પાછા મહીતલ ઉપર આવીને વળી, વન. ઉપવન, પર્વત ઇત્યાદી ઠેકઠેકાણે તપાસ કર્યો પણ અંતે નિરાશ થયા. એટલામાં આકાશવાણી થઈ કે " હે સાગરપુત્રો, તમારો ઘોડો રસાતળમાં બાંધવામાં આવેલછે બીજે કોઈ ઠેકાણે નથી.

આવી આકાશવાણી સાંભળીને તે સાગરપુત્રો રસાતળ જવાની ઇચ્છાથી આખી પૃથ્વી ખોદવા લાગ્યા અને રાત દીવસ મહેનતકરીને ભૂખને લીધે માટિ ભક્ષણ કરીને કામ કરનારા આખરે રસાતળનેવીશે પોહોચ્યા. ત્યારે પાતાળનું રક્ષણ કરનારા રક્ષકો આ બલવાન પુત્રોને જોઇ ભયભીત થઈ કપિલમહામુનીના આશ્રમે આવ્યા. કારણ કપિલમહામુની એ અગાઉ દેવતાઓનુ એક મોટું કામ કરવાથી અને તેમાં શ્રમ બહુ પડવાથી દેવતાઓપાસેથી એવો વર માંગીલીધો હતો કે જે કોઇ મને અંહી જાગ્રત કરશે તે તરતજ ભસ્મ થઇજશે. આવો વર લઇને તે આ રસાતળમાં નિદ્રાને આધીન થયાહતા. આ વાતની ખબર ખડવાથી પેલા રાક્ષસો ઘોડાને કપિલમહામુનીના માથાપાસે બાંધી [દૂર

જઈ ઉભા રહ્યા. થોડીવાર પછી સાગરપુત્રો તે ઠેકાણે આવ્યા. અને પોતાનો ઘોડો બાંધેલો જોઈ બોલ્યા કે આ જે માણસ આંહી સુતોછે તેણેજ આ ઘોડો આંણીલાવીને બાંધી રાખ્યોછે અને આજ માણસ યજ્ઞનો નાશ કરનારો મહા પાપી કંઈ પણ ભય રાખ્યાવીના નીદ્રામાં ઘોરતો પડયોછે.

તો હવે તેને મારીને આપણે આપણો ઘોડો લઈ જઈયે. એમ એક બીજાનીસાથે બોલવાંમા ગુંથાયલા હતા તેવામાં એકજણે તે મુનીને લાથ મારી. તેથી કપિલમુની જાગી ઉઠયા અને ક્રોધવડે તેમની તરફ જોતાંજ તે સર્વ સાગરપુત્રો બળીને ભસ્મ થઈગયા.

હવે પણ જે સગર રાજાએ યજ્ઞદીક્ષા લીધી હતી તેને આ વાતની કાંઇ ખબર પડી નહીં અને તે પોતાના પુત્ર અને ઘોડાની વાટ જોતો બેઠો હતો. એટલામાં નારદમુનીએ આવીને પાતાળમાં બનેલી બધી બીના સગર રાજાને કહિ સંભળાવી આ સાંભળીને તે મહાશોકમાં ડુબીગયેલો રાજા પોતેજ મનમા બડબડવા લાગ્યો કે પોતાને અસંમજસ નાંમનો એક પુત્ર હતો ને ગામના બધા છોકરાંને મારતો એવી

લોકોની તકરાર આવવાથી તેને નગરની બહાર કાઢી મુક્યો હતો. હવે મારી પાસ એક પણ પુત્ર હાજર નથી અને મેં યજ્ઞદીક્ષા લીધેલી હોવાથી મારાથી પણ રસાતળમાં જઈ ઘોડો લાવી શકાયું નહી. અને ઘોડો આવ્યાવિના યજ્ઞ પુરો થાય નહી અને મારી મુકતાં પણ થાય નહીં. એવી ચીંતામાં વ્યાકુળ થતાં. તેને સાંભરી આવ્યું કે અને પ્રધાનમંડળે એ પણ સુચના આપી કે આપના અસંમજસનો પુત્ર અંશુમાન નામ-નો છે તેને લાવીને આ કામ કરો. એવું સાંભળીને અંશુમાનને બોલાવી લાવી તેને આ કામ સોંપ્યું આ આજ્ઞામાથે ચડાવી તે રસાતળમાં કપીલમહામુનીપાસે આવ્યો અને ઘણી નમ્રતાથી મુનીની પ્રાર્થના કરી ત્યારે મુનીએ પ્રસન્ન થઇ તે ઘોડો અંશુમાનને આપ્યો. અને અંશુમાન ઘોડાને લઇને પોતાને નગર આવ્યો અને સગર રાજાનો યજ્ઞ નિર્વિઘ્ન પાર પડયો. અને પૂર્ણ સમાપ્તી થઇ

પછી આગળ ઉપર તે અંશુમાનનો પુત્ર દિલીપ અને તેનો પુત્ર મહા પરાક્રમી ભગીરથ પોતાના વડી-લોનો આવો ખેદકારક ઇતીહાસ સાંભળી ઘણો દીલગીર

ચ્યો;અને ઘણી નમ્રતાથી રાજાની આવી પુછ્યું કે મારા પૂર્વજને દુખ અને દોષમુક્ત શારીતે થશે? ત્યારે રાજા એ જવાબ આપ્યો કે તું રસાતળમાં જઈ કપીલમહામુનીને પૂછ. આટલું કહેતાં વેંતજ તે ત્યાંથી નીકળ્યો અને રસાતળ જઈ કપિલમહામુનીને મળ્યો. અને સાષ્ટાંગ નમસ્કાર કરીને મુનીને બધી વાત કહી સંભળાવી.

આ સાંભળી કપિલમહામુનીએ કહ્યું કે હે ભગીરથ તું શંકરની તપશ્ચર્યા કરી શંકર પાસેથી તેમની જટામાં રહેલી ગંગાના ઉદક વડે તારા પૂર્વજોને સ્નાન કરાવ એટલે તું અને તારા પુર્વજો કૃતાર્થ થશો.

આ સાંભળી ભગીરથે કપિલમહામુનીને પુછ્યું કે મારે તપનું આચરણ ક્યાં જઈને કેવીરીતે કરવું તે ફરમાવો આટલી કથા સીંહસ્થ મહાત્મના છઠા પ્રકરણમાં સમાપ્ત થઈ.

પ્રકરણ ૭ મું.

કપીલ૦—હે ભગીરથ, તુ કૈલાસ પર્વતને વીશે જઇ યથાશક્તી તપનું આચરણ કરી શિવની આરાધના કર. અને ભક્તીભાવથી તેની સ્તુતી કરી પ્રસન્ન કર, એટલે તારા મનોરથ પુર્ણ થશે.

આ પ્રમાણે મહામુનીનુ વચન સાંભળી નમસ્કાર કરી કૈલાસપર્વત ઉપર જઈ તપશ્ચર્યા કરવા બેઠો. અને સર્વ સીધ્ધીના દાતા શંકરની હાથ જોડીને સ્તુતી કરવા લાગ્યો કે હે તરુણ શશીને ધારણ કરનાર પ્રભુ, આ અજ્ઞાન બાલકપર આપ પ્રસન્ન થશો એમ નાના પ્રકારે તપશ્ચર્યા, વાણી, મન અને કૃતીવડે કરીને શંકર નિ સ્તુતી કરનાર જે બગીરથ તેના:પર પ્રસન્ન થઈ શ્રી શંકર તેની સન્મુખ આવી ઉભા.

અને ભગીરથને કહ્યું કે પુત્ર તારે જે જોઇએ તે માગીલે. દેવતાઓને પણ જે અસાધ્ય હોય તે હું તને આપવા તૈયારછું. માટે નિર્ભય થઇને તારે જોઇયે

તે માગીલે આ સાંભળિને હર્ષ ઘેલો થએલો ભગીરથ સાષ્ટાંગ નમસ્કાર કરી ગળ ગળો થઇને બોલ્યોઃ—હે શંકર–આપની જટામાં રહેલી શ્રી ગંગા મારા પૂર્વજોને પાવન કરવા માટે આપો એટલે મને બધું પ્રાપ્ત થયું એમ સમજીશ.

શંકર૦—હે સુવ્રતકરનારા પુત્ર, મેં તને ગંગા આપીછે માટે જા તેની સ્તુતી કર.

આવું શંકરનું વાક્ય સાંભળીને ભકતીભાવથી ભગીરથે શંકરની સ્તુતીકરી પછી તે ગંગાપણ તેને પ્રાત્પ થઈ તેને ઘણા આનંદથી સાથે લઇને ભગીરથ રસાતળવીશે આંવ્યો અને કપીલમહામુનીને નમસ્કાર કરીન બધી હકીકત કહી અને યોગ્ય પ્રકારે ગંગાની સ્થાપના કરી અને પ્રદક્ષણા કરી હાથ જોડીને બોલ્યો કે–હે દેવી કપીલમહામુનીના શાપવડે મારા પૂર્વજો ધોગતીને પામ્યાછે તે મને તારવાવાળા તમો સમર્થછો.

એવું ભગીરથનું પ્રેમયુકત ભાષણ સાંભળીને શ્રી ગંગામાતા એ તથાસ્તુ કહ્યું અને પછી બધા ઉપર ઉપકાર કરનારી તે ગંગામાતા ભગીરથના પૂર્વજોને પાવન કરવા

ભસ્મસમાન થયેલા સગર પુત્રાનેવીશે રસાતળને પાણીથી ભરીહઇ પાવનકર્યાં.

તે પછી મેરૂપર્વતનેવીશે આવીને રહેલી ગંગાને ભગીરથે કહ્યું કે હે માતાજી હવે આપ કર્મભુમીનેવીશે ઉત્પન્ન થાવ એવી મારી ઇચ્છા છે. આ વાક્ય સાંભળતાં વેંતજ ગંગાજી મહા વેગથી હીમાલયથી નિકળિ ભારતવર્ષમાં પ્રગટ થઈ પુર્વસમુદ્રને જઇ મળિ

શંકર૦—હે ષડાનન, આવી આ દેવનદી ભાગીરથી મારા જટામાથી નિર્માણ થઈ હિમાલય શિખરપરથી વિંધ્યાદ્રીપર્વતના દક્ષિણભાગમાં થઇને ગોતમી ગંગા પ્રવાહરૂપ નીકળી છે. અને ઉત્તરેથી ભાગીરથીને મળી જે પ્રમાણે ગોદાવરી વીંધ્યાદ્રી પર્વતના દક્ષિણભાગમાથી નીકળી તેજપ્રમાણે ભીમરથી, તુંગભદ્રા. તાપી, પયોષ્ણી નામની મહાનદી ઓ પણ નીકળીછે. તેમજ ભાગીરથી, નર્મદા, યમુના, સરસ્વતી, વિશોકા વગેરે મોટી નદીઓ વીંધ્યાદ્રોના ઉત્તરભાગમાં વહેછે આવી જે પુણ્યદાતા નદીઓ છે તેનું જેઓ સેવન કરશે-તેઓ સર્વ પાપમાંથી મુક્ત થઇને ઉત્તમ લોકને

પામશે. આવું આ ભાગીરથીના વર્ણનવાળું રહસ્ય સાતમાં પ્રકરણમાં સમાપ્ત થાયછે.

પ્રકરણ ૮ મું.

શંકર કહેછે હે સ્કંદ, આંહી સુધી આતમી ગંગાનો ઈતીહાસ તને કહ્યો. અને તે પણ ધ્યાનદઈને સાં-ભળ્યો એવો આ ભવસાગરમાંથી પાર ઉતારનારો ઈતીહાસ જે કોઇ વાંચશે અથવા શ્રવણ કરશે તે આ નરજન્મ ધારણ કર્યાનું સાર્થક કરશે અને તેમના સર્વ સંકટો નષ્ટ થશે અને સકલ કામના ફળીભુત થશે. આના સંબંધમાં તને એક બનેલી પુરાતન કથા કહુંછું.

જે વખતે પિતાની આજ્ઞાથી દાશરથી શ્રીરામ સીતાજી અને લક્ષ્મણ સહીત વનવાસે નિકળ્યા અને દેશપર્યટણ કરતાં કરતાં પંચવટીમાં આવ્યા ત્યારે એક

દિવસે લંકાધીશ રાવણ સીતાહરણ કરવાના હેતુથી ભીખારીનું સ્વરુપ ધારણ કરીને ત્યાં આવ્યો; અને રામ લક્ષ્મણ બન્ને પર્ણકુટીમાં નથી એમ જોઇને તે જગન્માતા જનકનંદીને સ્કંધ ઉપર લઇને લંકા ગયો પછી બન્ને ભાઇયો પર્ણકુટીમાં આવીને જુએછે તો ત્યા સીતાને દેખી નહી. આ જોઇ રામ અને સૌમિત્ર ઘણા દિલગીર થઇને સીતાનો શોધ કરવા નિકલ્યા તે પંપાસરોવરપાસે આવી કશ્યપઋષીને આશ્રમે પોંચ્યા. પછી શ્રીરામે તેને રાજવીયોગથી તે સીતાહરણ સુધીની પોતાની કથા કહી સંભળાવી. આ સાંભળીને કશ્યપ ગોગીન્દ્રે જરા સ્થિર થઈ રામનુ દુ:ખ શાંત કરવાને પોતાના મનમાં વિચાર કર્યો, અને રામને કહ્યું.

કશ્યપ૦—હે રામ, હે મહાબાહુવાળા હું તમારા દુ:ખનો નાશ થાય એવો ઉપાય કહુંછું કે જે વખતે સીંહસશીમાં ગુરૂ આવે તે વખતે દુરલભ એવી ગંગાના પાણીનો ઘણો મહિમાછે. અને તેથી પણ કુશાવર્તનો મહિમા વધારેછે. તો હે રામ, તમો આ પુણ્યસમયે ત્યાં જાવ અને એક વરસ સુધી ત્યાં રહી રોજ શ્રી ત્ર્યંબકેશ્વરની તીર્થયાત્રા કરો; અને ગૌતમી

જલથી સ્નાન કરો. એટલે તેના પુણ્યપ્રભાવથી કરીને તમારા હાથથી રાવણનો વધ થશે અને સર્વ પ્રકારે વિજય થશે. અને સીતાની પ્રાપ્તી કરી અયોધ્યા નગરીના રાજ્યાસનપર બીરાજમાન થશો. અને તમારા બધા દુઃખનો નાશ થશે.

તો હે સ્કંદ, આવી આ અત્યંત પુણ્યદાયક ગૌતમી ગંગાનું જે કોઇ આ સીંહસ્થમાં દર્શન અને સ્પર્શન કરશે અને તેના પુંણ્યવાળા જલમા સ્નાન કરીને દાન કરશે તેમના બધા પાપ ભસ્મ થઇજશે અને પાવન થશે વીગેરે રામ અને કશ્યપનો સંવાદ આઠમાં પ્રકરણમાં સમાપ્ત થયો.

પ્રકરણ ૯ મું.

સ્કંદ૦ — હે પિતાજી, આપને મોઢેથી ગંગોત્પત્તીનો સવિસ્તર ઇતિહાસ શ્રવણ કર્યો. હવે પિતૃઓની ગતી અર્થ અને તેમને મોક્ષ મળે એવો કાંઈ ઈલાજ કથન કરો.

શંકર૦——અરે વત્સ, તુ આ શું પુછેછે. કારણ આવિ પુણ્યવતી નદીનું સ્નાન માત્ર કરવાથીજ કાંઇ સમાધાન માનવાનું નથી પણ શ્રાદ્ધ અને તર્પણ વડે કરીને બ્રહ્મભોજન સહિત પિતરોનિ તૃપ્તી કરવી પડેછે; અને કુશાવર્તમાં ઉંત્તમ વાછડાવાળી કપિલા ગાય અલંકાર ભુષણોસહિત અને યોગ્ય દક્ષણાસહીત બ્રાહ્મણને દાન કરવી પડેછે. જેના પુણ્યપ્રભાવ વડે પિતરોને હમેશાંની મુક્તી મળેછે. અને તેમને હર્ષ થાયછે. તેમજ હે પરમુમા આ સીંહસ્થ પર્વણીમાં જે લોકો બ્રાહ્મણોને ગોદાન. ભુમીદાન, અન્નદાન વિગેરે આપશે તેઓની સર્વ મનકામના હમેશા પરીપૂર્ણ થશે અને એવાજ બીજા દાનો આ ગંગાનેતીરે જે કરશે તેઓના પુણ્યનુ ફલ વર્ણન કરી સકાય તેવૂં નથી. અને તારાથી પણ તે સાંભળી શકવાનું નથી. એવી તેની અજબ ફલપ્રાપ્તી છે.

આ ગંગાના અવતારને સમયે સકલ તીર્થો સાગરને આગે લઇને ગોદાવરીને આવી ભેટેછે. અને જ્યાંસુધી સીંહરાશીમાં ગુરૂ હોયછે ત્યાંસુધી ગંગાના આશ્રયમાં વાસ કરેછે. એવી ગૌતમીનુ જેઓ સ્નાન કરશે

તેના કરોડો જનમનું પાપ નાશ પામશે કારણ આ સિંહસ્થ પર્વણીમાં ઇંદ્ર પોતાના બધા સુરગણોસહિત ત્યાં રેહવા આવેછે તેમજ રૂદ્ર અને આદિત્યાદિ દેવ પોતાના મરૂદ્ગણોસહીત આ ગોદાવરીનું સ્નાન અને પાન કરવા એક આખું વરસ ત્યાં વાસ કરેછે

સાઠ હજાર વરસ સુધી ભાગીરથીનું સ્નાન કરવાથી જે ફલ પ્રાપ્ત થવાનું તે ફલ આ સિંહસ્થના વરસમાં ગૌતમી ગંગાનું એક સ્નાન કરવાથી મળેછે અને આ ગૌતમીના માત્ર નામનો ઉચ્ચાર કરવાથી સાધારણ હલકા પાપ ભસ્મ થઇ જાયછે અને આ વખતે ગૌતમીના સ્નાનવડે બ્રમ્હહત્યાદી પાપનો પણ નાશ થાયછે અને જ્ઞાનની પ્રાપ્તી થાયછે. સર્વ તીર્થોના મહાન પાતકો પણ ગોદાવરી તીર્થમાં નાશ પામેછે પછી મનુષ્યનાં પાપો નાશ પામે તેમાં શકશો.

શંકરઃ—હે ષડાનન. ગૌતમીને મોટી ફીકર થઇ કે હવે મારે કયાં જવૂં? અને શુ કરવૂં? મારે હાથે મૃત્યલોકના પાપનો નાશ કેમ થશે એવી તેને ચિંતા થઇ. ત્યારે ગૌતમીએ તેનું કહ્યું કે સર્વ મનોરથ

પ્રસિધ્ધ કરજાણો જે શંકર તેની આરાધના કર. આ સાંભળી તેણે શંકરની આરાધની કરી ત્યારે શંકરે તેને વરદાન આપ્યું કે સર્વ તીર્થોને પાવન કરવાને તું શક્તીવાન થઇશ અને તારૂ જળ જે કોઇ પીશે તેમની સર્વ ઇચ્છા પ્રાપ્ત થશે. માટે સીંહરાશીમાં ગુરુ આવે ત્યારે દરેક પ્રાણીમાત્રે પોતાની શ્રદ્ધા પ્રમાણે સ્નાન દાન વીગેરે કરવાં.

સીંહરાશીમાં ગુરૂ આવે ત્યારે પ્રથમ સ્નાન, દાન વીગેરે કરવાનો વખતઃ—દોઢ ઘડી અને સાત પળથી લઇને સાડીચાર ઘડી સુધીમાં સ્નાન દાન કરવાનો ઉત્તમ વખતછે. દાખલા તરી કે. રવિસંક્રમણમાં મકરસંક્રમણને સંક્રાંત લાગ્યા પછિ વીસઘડી વળી સંક્રાંત લાગેકે તરતનો શરૂઆતનો વખત ઘણો શુભ હોયછે. વળી જેમ મંગળના રાશીના અંતરનો પર્વકાલ ચાર ઘડી સાત પળ હોયછે. બુધનો ચાર ઘડી ચાર પળ. તેમજ શનીના સાડીચાર ઘડી સાત પળ.

એવી સર્વ વિશ્વ પાવન કરનારી ગૌતમી ગંગાના સન્નિધમાં જે કોઇ આશ્રમ કરીને રેહેશે અને આચારકે ગંગાનૂ મિલન સ્નાન પાન કરશે તેમના સેકડો

જનમના પાપ નાશ પાંમશે. તેમજ શુદ્ધ થઇને જપ જાપ વીગેરે ક્રીયા કરનારને એવડા પુણ્યની પ્રાપ્તી થશે. માટે માણસે હરેક પ્રયત્ને કરીને સિંહસ્થ સાલમાં મહાન પાતક નાશીની ગૌતમી ગંગામાં સ્નાન દાન વીગેરે અવશ્ય કરવા. નવમું પ્રકરણ સમાપ્ત.

પ્રકરણ ૧૦ મું.

સ્કંદઃ—હે નાથ, આ સિંહસ્થ પર્વમાં ગૌતમી ગંગાનુ મહત્વ શા કારણથી વધ્યું તે વિસ્તાર પૂર્વક કથન કરસો.

શંકરઃ—પૂર્વે દેવ અને દૈત્યોનિ વચ્ચે બહુ બિકટ એવું યુદ્ધ શરૂ થયું. તે વખતે દાનવોએ દેવને હરાવ્યાં અને તેથી બધા દેવતાઓ બ્રમ્હદેવની પાસેં આવ્યા અને પ્રાર્થના કરી અને પોતાનું દુઃખ નિવેદન

કર્યું. તે સાંભળીને સર્વ લોકના પિતામહ જે બ્રમ્હદેવ તે બોલ્યાકેઃ—હે દેવતાઓ મેં પર્વતનું સ્વરૂપ ધારણ કર્યું છે, અને તમે બધા સિંહસ્થ પર્વણીમાં તે બ્રમ્હ-ગીરી ઉપર જઇ નિર્ભયપણે વાસ કરો. અને ત્યાં જાવ કે તરતજ ઇંદ્રે પ્રથમ દેવીની પ્રાર્થના આપ્રમાણે કરવીઃ—

श्लोक

गंगे त्वं सरितां श्रेष्ठा सर्व काम प्रदायिनी ॥ त्रिदैवत्ये सुरश्रेष्ठे रक्षत्वं दानवाद्भयात् ॥ १ ॥ हताधिकारान् देवाश्च हतदारान् गतश्रिकान् ॥ कस्मान्निरक्षसे देवी भयार्तान् शरणंगतान् ॥ २ ॥

એ પ્રમાણે દેવીની પ્રાર્થના કરવાથી તે પ્રસન્ન થશે અને તમારા સર્વ દુઃખનો પરીહાર કરશે.

આ બ્રમ્હદેવનું વાક્ય સાંભળી સર્વ દેવતાઓ બ્રમ્હ-

ગીરી પર્વત ઉપર આવ્યા અને તરતજ ઈંદ્રે ઉપર પ્રમાણે દેવીની પ્રાર્થના કરી કે તરતજ દેવી ત્રિપથગામિની ગંગા પ્રસન્ન થયાં અને ઈંદ્રાદિ દેવતાઓને પુછ્યું કે હે દેવતાઓ તમને શું ભય ઉત્પન્ન થયુંછે. તે સ મને વિદીત કરો.

દેવ બોલ્યાઃ—હે અંબિકા, અમને દાનવો એ બહુ ત્રાસ આપ્યોછે. અને યુદ્ધમાં તેઓને અમે હરાવી શકતા નથી. તો હે દેવી તું અમારીપર કૃપા કરીને તારા જળવડે અમોને શાંત કર.

શંકરઃ—હે ષડાનન, ગૌતમે તપશ્ચર્યા કરીને મને પ્રસન્ન કર્યો અને મારી પાસેથી ગૌતમી માગી લીધી અને તે મેં ઘણા પ્રેમસહીત અર્પણ કરી. તે વખતે બાર વરસે સિંહ રાશીમાં ગુરૂ આવ્યાહતા અને હુ બોલ્યોહુંું કે આ સિંહસ્થ પરવમાં દેવો. રાજાઓ, માનવો, વીગેરે જે કોઈ ગૌતમીનું સ્નાન પાન કરશે તેમના સર્વ સંકટો નાશ પામીને શત્રુંનો નાશ કરશે અને જય મેળવશે. તો હે દેવતાઓ તમે ત્યાં જાઓ અને હાલતેજ પરવછે તટલામાં ત્યાં રહીને

વિધીપૂર્વક સ્નાન, દાન કરો. એટલે તમારા શત્રૂનો નાશ થશે અને તમને જય મળશે. શ્રીરામે પણ પંચવટી-માં વાસ કરીને સિંહસ્થ સાલમાં ત્રીંબકેશ્વર પધાર્યા અને ગૌતમી ગંગાના સ્નાન, દાન, તર્પણ વિગેરે વધીપૂર્વક કર્યાછે.

તેમજ જેને પુત્ર નથી, ધન નથી, જે રોગથી પીડાયછે એવાએ જો ગૌતમીનુ સ્નાન, દાન, પાન કર્યૂં હોય અને ત્રીંબકેશ્વરનુ પુજન વીગેરે કર્યૂં હોય અને એક બળદનું દાન કર્યૂં હોય તો એકસો ગાય દાન કર્યાનુ ફળ પ્રાપ્ત થશે. તે પ્રમાણે કુશાવર્તમાં સ્નાન કરીને યથાવિધી શ્રાદ્ધ કરવાથી સાત જન્મનું દુર્ભાગ્ય નાશ પામશે.

સ્કંદ૦—કુશાવર્ત કેવી રીતે અને કોણે ઉત્પન્ન કર્યૂં અને ત્યાં સ્નાન દાન કરવાથી અસંખ્ય પ્રાણી-ઓને શું ફલપ્રાપ્તી થવાનીછે તે મને કહો.

શંકર૦—હે વત્સ, સર્વ તીર્થોનું જુદું જુદું મહાત્મ વર્ણન કરવાને હૂં સમર્થ નથી અને તું પણ

સાંભળવાને શક્તીવાન નથી તો પણ હે ષણ્મુખ, ટુંકમાં હું તને કુશાવર્તનું મહાત્મ કહું છું તે સાંભળ:-- કુશાવર્ત-માનવ પ્રાણીના સર્વ ઈન્દ્રીઓ તૃપ્ત કરવા માટે પ્રસિદ્ધ છે. અને ગૌતમનાં હાથે કુશ-દર્ભન થડવડે મારી આજ્ઞાથી એક ખાડો ખોદવામાં આવ્યો તે ખાડો ખોદાયછે. તેવામાંજ ગૌતમી પ્રગટ થઈ. ત્યારથી તે કુશાવર્ત નામના કુંડનો પ્રભાવ એટલો વધ્યો કે તેમાં સ્નાન કરવાથી બ્રહ્મહત્યા જેવા; અઘોર પાપ કર્મોનો તાત્કાલ નાશ થાયછે. તો હે ષણમુખ, આવા મહાશ્રેષ્ટ કુશાવર્તનુ મહાત્મનુ વર્ણન કરવાને હજાર મોઢાનો નાગ કબુલ થાયતો પણ તેને કેટલા એ સેંકડોવરસ વર્ણન કરતાં થાશે તેની કલ્પના કરાતી નથી તો પછી હું કેમ સમર્થ થઈ શકું

એવા કુશાવર્તમાં સ્નાન, દાન, પિતૃતર્પણ વિગેરે કરવાથી પીતરો સંતોષ પામેછે. વધારે શું કહું? તે કુશાંવર્તનું માત્ર સ્મરણ કરવાથી માનવો કૃતાર્થ થાયછે વળી કોઈ મુરખ કુશાવર્ત શબ્દનો જપ કરે તો સર્વજ્ઞ થઇને જગતમાં કીર્તીને સંપાદન કરનારો થશે. એનુ કારણ એવું છે કે જે ઠેકાણે બધ્ધા તીર્થો અને

શંકર સહીત બધા દેવતાંઓ એકજ આત્મસ્વરૂપે ત્યાં રેહતા હોવાથી તે કુશાવર્તનો શ્રેષ્ઠ મહિમા વરણુન થઇ શકે તેમ નથી. અને તેથીજ

શ્લોક.

" कुशावर्तंमहातीर्थंरूपंयच्चिद्रसोज्वलं॥ तस्मात्तच्चिन्मयोभूत्वा रूपवान् शिवएवसः ॥ "

એવો આ કુશાવર્તનો મહિમા દસમાં પ્રકરણમાં પુરો થયો.

પ્રકરણ ૧૧ મું.

શંકર૦—હે છમુખ ધારણ કરનાર. હવે હું તને ઇંદ્રતીર્થનો મહિમા કહુંછું તે સાંભળ જે કોઇ પ્રાણી ત્ર્યંબકેશ્વર જઇને ઇંદ્રતીર્થનું સ્નાન કરશે અને ત્રિબકે-

શ્વરના દર્શન કરશે તેમને ઇંદ્રલોકની પ્રાપ્તી થશે અને ત્યાં સ્નાન તથા દાન કરીને ઇંદ્રતીર્થ ઉપર શ્રાદ્ધ કરશે તેઓ નરોત્તમ તરીકે માનવામાં આવશે તેમજ તેમના બધા પિતૃ તૃપ્ત થશે. અને હમેશાં સમાધાન વાળા થશે. અને પોતાના મનની સાથે એમ વાત કરશે કે અમારા નસીબમાં એ કયાંથી હોય? સીંહસ્થ પર્વણીમાં ઇંદ્રતીર્થનું સ્નાન, ત્રિંબકેશ્વરના દર્શન, અને ઇંદ્રતીર્થ ઉપર પિતૃઓનુ શ્રાદ્ધ એ બધું અમારાથી બની શકતું નથી પણ ધન્ય ઘડીકે અમારા પુત્રે પોતાના સત્કર્મના ... ... આ મહા પુણ્યવાળા વખતનો લાભ લઇને અમ... ... અમના પાપમાંથી મુક્ત કર્યા છે. તેમજ જે કોઇ ... ... તે પર્વણીમાં (પરબમાં) ઇંદ્રતીર્થને કાંઠે સ્નાન કરશે તથા એક ચણોઠીભાર સોનું ભકતીપૂર્વક દાન કરશે તેને ઉત્તમ એવી પરમ પદવી પ્રાપ્તી થશે.

હવે અહિલ્યા તીર્થના મહિમા વર્ણન કરૂંછું તે સાંભળ:—આખી દુનિયાના તીર્થો આ સીંહસ્થના પરબમાં ત્રીંબકેશ્વર આવિને આ અહિલ્યા તીર્થપર વાસ કરેછે. જે લોકો આ તીર્થમાં સ્નાન કરીને ગોદાન

કરશે તેને યમરાજાના કમાડ જોવા પડશે નહી વળી આ તીર્થનેવિષે જે લોકો શ્રાધ્ધ કરશે તેને પિતૃ બાર સોવરસ સુધી તૃપ્ત રહેશે. તેમજ અહિલ્યાસંગમમાં સ્નાન કરી ત્રીંબકેશ્વરનું દર્શન તથા પુજન કરશે તે બધા દોષમાંથી મુકત થઇ અંતે શિવપદને પામશે.

સ્કં'૬૦—હે તાતજી, આવા અહિલ્યા તીર્થને વિષે સ્નાન દાન વિગેરે કરવાનાં વિધી આપ મને કહો.

શંકરઃ—હે વત્સ-જે સ્ત્રી પુરુષોને સંતાન પ્રાપ્તીની ઇચ્છા હશે અથવા જેને મુંગા, બેહેરા, આંધળા, પાંગળા વાંકાચુકા, નપુંસક, કોઢવાળા, રોગવાળા, અને અપસ્મારવાળા છોકરાં થતાં હોય તેઓ જો આ સીંહસ્થ પરબમાં અહિલ્યાસંગમનેવીષે સ્ત્રી પુરુષ બન્ને મળી વિધીપૂર્વક એક વસ્ત્ર પેહેરીને સ્નાન કરે તો સર્વ દોષમાંથી મુકત થાયછે. અને તેમની ઇચ્છાનુરૂપ સંતતી તથા સંપતી પ્રાપ્ત થશે.

સ્કં'૬૦—વંધ્યા એ શબ્દનો અર્થ એવો છે કે

જે સ્ત્રીઓ સંતાનનો નાશ કરવાવાળી અને પાપી હોય તેને વંધ્યા કહેવાયછે. આ વંધ્યા ત્રણ પ્રકારની છે એક કાકવંધ્યા; બિજી બાકવંધ્યા; અને ત્રિજી કેવળવંધ્યા. વળી એક ચોથી મૃતવંધ્યા કહેવાયછે. તેના લક્ષણ એવાછે કે તેને પેદા થએલું બાળક કદાપી લાંબી આયુષ્ય ભોગવે નહી

તો હે છમુખવાળા, આવિ આ ચાર પ્રકારની દુષિત સ્ત્રીઓને દોષથી દૂર થવૂં હોયતો પતીની સાથે ઉતમ એવા મહિનામાં રવિવારે શુભ પરવાંને દિવસે સવારના પોતાના ગુરુને નમન કરીને તે કહે તે પ્રમાણે મંત્રવિધીવડે અહિલ્યા સંગમને વિષે એકવસ્ત્ર પહેરીને સ્નાન કરવૂં અને ગુરૂ મંત્રવડે દેવતાની સ્થાપના કરવી. પછી તેની ષોડશોપચારે કરીને ભક્તીભાવથી સ્થીર મન રાખી પુજા કરવી અને દેવના તથા સંગમને નમસ્કાર કરવો અને ભૈરવનાથનુ ધ્યાન ધરવુ પછિ બન્ને હાથ જોડી સ્ત્રીપુરૂષે સાથે ઉભા રહી ઉપાધ્યાયના મુખમાંથી નિકલતા મંત્ર શ્રવણ કરીને ને ભૈરવની પ્રાર્થના કરવી કે ' અમારા દેહના શુધી કરો અને અમને પુત્રસંતાન આપો. પછી તમારા ઉપાધ્યાયની પ્રાર્થના કરવી કે "હે વેદોનારાયણ અમને

એજમાનને હવે નવું વસ્ત્ર પેહરવાની આજ્ઞા આપો. પછી તે આજ્ઞા કરે તે બિજું વસ્ત્ર પેહરવું, પછિ ધરતી માતાની પૂજા કરવી અને પ્રાર્થના કરવી કે, હે અંબિકા, તારી કૃપાથી મારા વંશરૂપી ઝાડની વૃદ્ધીથાવ. પછી તેને ઘઉં અર્પણ કરવા તેમજ પાંચ પ્રકારના ફળ ફળાંતળ, પાંચ પ્રકારના પાંદડા જાતી, ચંપક, સુરના વિગેરે દસ પ્રકારની ઔષધીઓ, નાળાયેર, જંબીરફળ, કેળાં, દાડમ, ખારેક વિગેરે મેવો અને નાગરવેલના પાન હાથમાં લઇ જલેશ્વર તીર્થરાજ વરૂણની પ્રાર્થના કરવી કે–હે પ્રભુ ખરાબ સોબતનેલીધે નદીઓ તલાવ વિગેરે જળનેવીશે અજાણતાં પૂર્વજન્મ અગર આ જન્મમાં અમારા થકી કોઇ પાપ થયું હોય તો તેનું નિવારણ કર. અને ક્ષમા કરીને હે જલેશ્વર અમને સંતતી આપો.

આ પ્રમાણે પ્રાર્થના કરી હાથમાં રાખેલો મેવો, ફુલ, પાનડા વિગેરે પોતાના માથાપરથી લઇને પાછળના ભાગમાં ગંગાના ઉદકમાં બરોબર વચમાં પડે તેમ નાખવાં પછી જેવી શક્તી હોય તેના પ્રમાંણમાં બ્રાહ્મણો બોલાવીને રુદ્રાભીષેક કરાવવો. પછી પુણ્યા-

સ્વાચન થયા પછી બ્રાહ્મણો ઉપર કહેલી ઔષધી અને વનસ્પતી બન્નેના મસ્તક ઉપર છાંટે તેનો આદરપૂર્વક સ્વીકાર કરવો અને તે વનસ્પતીનો આખા શરીરને વિષે લેપ કરવો. અને બ્રાહ્મણના મંત્ર શ્રવણ કરીને ફરી ત્યાં સ્નાન કરવું જેથી કરીને શરીરના સર્વ દોષ નાશ પામશે અને દેહ શુદ્ધ થશે.

આ બધું કર્યા પછિ સુરજનું ધ્યાન ધરીને તેની પુજા કરી અર્ધ્યદાન કરી પ્રાર્થના કરવી કે હે ત્રૈલોકાધિપતે, મને ગર્ભ રહે અને સંતતી પ્રાપ્ત થાય એવી મારી પ્રાર્થનાછે. પછિ તલવડે ગણપતી અને કલશાંની પુજા કરવી અને વચમાં રૂદ્રદેવતાની સ્થાપના કરવી અને તેની દક્ષિણે વિષ્ણુ ભગવાન તથા પછવાડે બ્રહ્મદેવની સ્થાપના કરવી. પછી શંકર સહિત બદ્ધા દેવતાઓની મંત્ર વિધીવડે પુજા કરવી પછી રૂદ્રાધ્યાય મંત્રે કરીને હવન કરવો અને ચોખા પકાવીને તૈયાર કર્યા પછી ગ્રહદેવતાનુ પુજન કરીને બધાને બળીદાન અર્પણ કરવું પછી ડાકીની, પન્નગ, વેતાળાદિ ભૂત પિશાચના મુખ્ય દેવતાની પૂજા કરી તેની શાંતીને બલીદાન કરવુ. અને પુર્ણાહુતી કર્યા પછી આચાર્યની પુજા કરવી. પછી તેની તરફથી સ્થાપન કરેલી મુર્તીને

વિષે અભીષેક કરાવવો અને તે બધી મુર્તીઓ તેને દાન કરીને પગે લાગવું અને પોતાને ઘેર આવીને બનીશકે તે સુજબ બ્રાહ્મણોને જમાડવી.

શંકરજી—હે સ્કંદ આવાપ્રકારે જે સ્ત્રીપુરૂષ એક વસ્ત્રે પેહરીને વિધીસહીત આચરણ કરશે તેના સર્વ દોષનું નિકંદન થશે અને પૂર્ણ થશે અને આખરે ઉત્તમ એવા પદને પામશે.

પ્રકરણ ૧૨ મું.

શંકરજી—હે છમુખવાળા, જે અહિલ્યા સંગમને વિશે સાગર સહિત સર્વ તીર્થોનો જેમાં સીંહસ્થ પર્વણીને સમયે સમાવેશ થાયછે તેમાં સ્નાન કરીને જે કોઇ ગોદાન કરશે તેને યમરાજાનો ઘોર અને ભયંકર દરવાજો જોવો પડસે નહી, અને અહી આવિને જે

શ્રાદ્ધ કરશે તેના પિતૃ બાર અબજ વરસ સુધી તૃપ્ત થશે. તેમજ ગોવર્દ્ધન તીર્થમાં ગોદા સંગમનેવિશે જે કોઈ સ્નાન દાન કરશે તે તાગડતોબ ગોવધનાપણુ પાતક માંથી મુકત થશે. તેમજ શ્રી મહાવિષ્ણુનુ વહાલું ચક્રતીર્થ છે તેમાં જે સ્નાન દાન કરશે તે વિષ્ણુલોકમાં જશે.

તેમજ આ ગોદાવરીને કાંઠે નાસિક નામનુ પુણ્ય ક્ષેત્રછે ત્યાં ઉત્તરે અરૂણા અને વરૂણા એ બે નદીઓની વચ્ચે સર્વ લોકોનુ કલ્યાણ કરનારા શ્રી શંકરે કપાલેસ્વરને નામે વાસ કર્યોછે. અને તે સ્થાનને "અવિમુકતી ક્ષેત્ર" કહેછે. તે સ્થાન ઋષીઓને પણ દુર્લભછે. ત્યાં બ્રાહ્મણને દાન દેવાથી લાખ ગણું વધારે પુણ્ય પ્રાપ્ત થાયછે. સિંહરાશીનેવીશે ગુરૂ આવે ત્યારે ગંગાને અરુણા વરૂણા જ્યાં મળેછે ત્યાં સ્નાન કરવાથી બ્રમ્હહત્યાના જેવું પાપ પણ નાશ પામેછે. ગોદાવરીનું જે સ્થાનવીષે દક્ષિણ દીશા તરફ વેહતું થાય ત્યાં દાન કરવું એ બહું દુરલભછે. પશ્ચિમે વહેતી યમુના; ઉત્તરે વહેતી ગંગા; દક્ષિણે વહેતી ગોદાવરી અને પૂર્વે વહેતી પયોષ્ણી. એ સ્થાનો બહુ

દુર્લભછે. અરૂણા અને સરસ્વતી એ બેનો સંગમ જગપ્રસિદ્ધછેજ. ત્યાં ત્રિકાળ સ્નાન અને ત્રણ રાત્રી ઉપવાસ કર્યો હોય તો બધા પાતકોનો નાશ થાયછે તે વિશે હું તને એક હકીકત કહું તે સાંભળ.

ઘણા વખત પહેલાં મારા હાથમાં રહેલું બ્રમ્હકપાલ અકસ્માત હાથમાંથી પડીગયું. તેથી આપણે હાથે બ્રમ્હહત્યાનું ઘોર પાતક થયું એમમાની હું (શંકર) સમુદ્રસહીત પૃથ્વી ઉપરના બધા તીર્થોનું સ્નાન કરતો કરતો અરુણાસંગમ તીર્થનેવિષે આવ્યો અને ત્યાં સ્નાંન કરતાં વેંતજ તે કપાલ મને જડયુ. અને તરતજ મને ભાસ થયો કે બ્રમ્હહત્યાના પાતકમાંથી હૂં દૂર થયો. કેવો એ સંગમનો પ્રભાવ? હવે બીજા તીર્થને વિશે જવાની જરૂર નથી. એમ સ્વયંભુ મનુ એ કહ્યૂં. અને તેજ સંગમનેવિશે કપાલેશ્વર નામના લિંગની સ્થાપના કરી તેનૂં વિધીપૂર્વક પૂજન કર્યુ.

આ સંગમનેવીશે જે કોઇ સિંહસ્થમાં સ્નાન કરશે તેને સ્વર્ગ પ્રાપ્તિ થશે. જે ઉપવાસ કરસે તે અકલ્પસુધી બ્રમ્હલોકમાં વાસ કરસે. તેમજ જે અંહીયા આત્મઘાત કરશે સેંકડો કરોડ કલ્પસુધી રૂદ્રલોકમાં વાસ

કરશે. સિંહરાશીમાં ગુરૂ આવતાં ચંદ્રગ્રહણમાં જે શ્રાદ્ધ કરશે તે પોતાનાં સેંકડો કુળોને તારશે. વળી ચંદ્રગ્રહણમાં કપાલેશ્વરનુ દર્શન કરશે તેમજ પંચવટીના દાશરથી રામના દર્શન કરી ગોદાવરીમાં સ્નાન કરશે તે સંચીતથી સદા દૂર રહેશે, જેમ કુરૂક્ષેત્રને વિષે એક ચણોઠીભાર સોનૂં દાન કરવાથી તેરગણા દાનનુ ફળ માણુસને પ્રાપ્ત થતું તેમજ આ અરૂણાવરણા સંગમને વિષે એક રતી દાણા જેટલું સોનુ દાન કરવાંથીપણ તેરગણું દાન કરવા જેટલું ફલ પ્રાપ્ત થશે અને જે પ્રમાણે પૃથ્વીને તળીયેથી પ્રયાગમાં વડનુ ઝાડ કાઢ્યુંછે ત્યાં દાન કરવાથી અક્ષય ગતી પ્રાપ્ત થાયછે. તેમજ અંહીયા દાન કરવાથી થાયછે. હવે આ ગૌતમે નિર્માણ કરેલી ગોદાવરી ગંગા જેના સ્મરણમાત્રે કરીને માણસોનું સાર્થક થાયછે. એવી પુણ્યશાળી ગંગાની કથા હવે હું તને કહુંછું તે સાંભળ.

પ્રથમ કુશાવતી, પછી અરૂણાવરૂણાની આગળ પદ્મનગર, જેને હાલ નાસીક કહેછે. વળી કોઈ પ્રતિષ્ઠાન નગર પણ કહેછે. પછી ગંગાસાગર સંગમ. એવાં સ્થલને વિશે ગોદાવરીનું સ્નાન કરવાથી અને પછી

ભાગીરથીનું સ્નાન કરવાથી નરકમાં ઘસડીજતાં કર્મો ભસ્મ થઇ જાયછે. ગંગા ગોદાવરી, રેવા. નર્મદા એ નદીઓ ઘણી પુણ્યદાતા અને મોક્ષ આપનારીછે. આ ગંગા. ગોદાવરી અને શ્રી શલ્યનેવીશે વાસ કરનારા ઓને અહણનો, ચતુર્માસના વ્રતનો, વિશુવનો, લગ્નનો. સીમંતકર્મનો અને ગુરૂશુક્રાદિના અસ્તનો દોષ લાગી શકતો નથી. અન્ય દેશમાં રેહનારાઓએ પોતા ની શુધ્ધીને માટે સીંહસ્થમાં ગોતમીની વિધીવડે યાત્રા કરવી જેથી આત્માની શુધ્ધી થાય.

પ્રકરણ ૧૩ મું.

શંકર૦—હે પુત્ર, આવી આ સીંહસ્થ પર્વણીમાં નાના અને મોટા સ્ત્રી અને પુરૂષ સહુ કોટ્યે મોહટા પ્રયત્નવડે આ યાત્રા ક્યા પ્રકારે કરવી અને તેનાથી શું ફલ પ્રાપ્ત થશે તો હવે હું કહુંછુ.–

સીંહસ્થની યાત્રા ત્રિઅંબકેશ્વર ઉપર કરવી એવી જેની ઇચ્છા હોય તેમણે પ્રથમ પોતાના ઘરના દેવતાઓનું પુજન કરવું અને ભક્તીવડે પ્રાર્થના કરી. તેઓની આગ્ના માગી, તેઓને સાથે લઇને પુણ્યાહવચન કરી શ્રી ગૌતમી માતાનું ચીંતન કરતાં કરતાં જવું પછી નાંદીશ્રાદ્ધ કરવું ને પછી નીચેના ચાર શ્લોક વડે પ્રાર્થના કરવી.

श्लोक

" आदित्यो गणनाथश्च विष्णुश्चैवम-
हेश्वरः ॥ आयांतु सहिता देव्या स्ना-
नार्थं गौतमीतटः ॥ १ ॥ आयांतु
पितरः सर्वे यज्ञाः श्राद्धदक्षिणः ॥
यास्यामि गौतमीं गंगा सिंहस्थे च
बृहस्पतौ ॥ २ ॥ ब्रह्मचर्यादिभिर्युक्तो
व्रतैर्देवी कृतांकुश ॥ तत्र यात्रां करि-
ष्यामि सर्वं कामार्थ सिद्धये ॥ ३ ॥

नमोदेवी महापुण्ये पुण्यतोयैः शुभैवृते ॥ तव यात्रां करिष्यामी सर्वपापप-नुत्तमे ॥ ४ ॥

અને આ સ્લોકનો જપ કરતાં કરતાં બહાર નિકળવુ તેવખતે જે નોકર સાથે હોય તેને પુણ્યના ફલનો સોળમો ભાગ મળશે. અને સાથે આવનારા સ્નેહીને અડધું ફળ પ્રાપ્ત થશે. માટે યાત્રા કરવી તે જોડા પેહર્યાવગર અથવા તો ઘોડાપર બેસીને જવું. બેલની ગાડીમાં તેમજ બેલ ઉપર બેસીને આ યાત્રા કરવી નહીં. નહિતો શરીર ઉપર જેટલા વાળ છે તેટલા દિ-વસ નરકવાસ ભોગવવો પડશે. અને યાત્રા નિષ્ફળ થશે તે જુદી.

જાત્રા કરનારે નાસીકમાં આવતાં વેંત ગોદાવરીનુ દર્શન, પૂજન અને સ્નાન કરવું પછી શ્રાદ્ધ અને દા-નાદિ ક્રીયા કરીને શ્રી જનાર્દનના દર્શન કરવાં. પછિ પંચવટીમાં શ્રી રામચંદ્રજીના દર્શન કરીને શ્રી ત્રીંબકે-શ્વર જવું. ત્યાંજઈ કુશાવર્ત ઉપર સ્નાન, દાન અને

શ્રાદ્ધ કરેવું પછી ત્રીંબકેસ્વરના દર્શન, પુજન સ્નાન રૂદ્રાભીષેક કરીને ફરાળ કરવો. પછિ ક્ષેત્રના ઉપાધ્યાયનુ પુજન કરીને ત્રીંબકેસ્વરનાં દરશન કરી ફરી નાશીકમાં આવવું અને ફરીં શ્રી રામચંદ્રજીના દરશન કરીને પોતપોતાને ઘરે જવુ પછી યાત્રાની પૂર્ણતા કરવામાટે પગરખાં પેહ-યાવગર વેદવિધાસંપન્ન બ્રાહ્મણોને સાથે લઇને ગોદાવરીને કાંઠે આવીને હાથ જોડીને મંત્રો શ્રવણ કરવા અથવા ઇચ્છા હોય તો નીચેપ્રમાણે બોલવાઃ-

श्लोक.

" मनोवाक्कायजैर्दोषैः पापैर्बहुविधैरपि ॥ वाक्षगोदांभवेत्पूतः पुरुषोनात्रसंशया ॥१॥ गोदावर्याजलंशुंभुः पाषाणश्चजनार्दनः ॥ सिकतामुनयः सर्वेरतवः सर्वे देवताः ॥ २ ॥ स्मरणात्किल्विषंहंति दर्शनात् सर्व कामदा ॥ नमस्काराद्भवेत्तुष्ठिः स्नात्वा च बहुसंपदाः ॥ ३ ॥

त्रैलोक्यव्यापके गंगे हरिब्रह्मेशसेविते ॥
लोकेऽस्मिन् पतितान् सर्वान् समुद्धर नमोस्तुते ॥ ४ ॥ जन्मजन्मानि पूर्वं वा यन्मया दुष्कृतं कृतं ॥ तत्सर्वं नाशमायातु गोदावरि नमोस्तुते ॥ ५ ॥"

પછી ષોડશોપચારે પુજન કરીને પુજાનો બધો સામાન પાસે લેવો. કોહળું, નાળીયેર, કોઠા, કેળાં, ફણસ કેરી વીગર અનેક ફળ લઈ ગંગામાં પાંચ અર્ઘ્યદાન કરવાં; પછી સ્નાન કરવું અને બીજું વસ્ત્ર પહેરી ભીનું વસ્ત્ર ઉપાધ્યાયને દાન કરવું પછી તેની આજ્ઞાલેન ક્ષૌરકર્મ કરાવવું અને તે દીપસે વીધીવડે વ્રતુ કરાવ્યા પછી ઉપવાસ કરવો.

હવે જે લોકો ત્યાં તીર્થનેવિશે રહિને સ્નાન, દાન જ કરશે તેને અર્ઘ્ય તથા ઉપવાસ કરવાની જરૂર નથી. પણ જે કોઈ ચાર છ મહિના આક્ષેત્રમાં રહીને બીજે ઠેકાણે ચાલ્યાજશે અને પાછા થોડા દિવસ પછી આ ક્ષેત્રનેવીષે આવશે તેમને સીંહસ્થપર્વંણી

માં મુંડન અને ઉપવાસાદિ કર્મો આચરવાં પડશે. વળી કૃષ્ણાનદીને કિનારે વાસ કરનારાને આ કર્મો કરવાની જરુર નથી. માટૅ હે ષણ્મુખ, મુંડણક્રીયા કરવાનો વખત તો આ પ્રમાણે છે.—

પુણ્યતીર્થનેવિશે જઇયેં ત્યારેં-યજ્ઞની પ્રાપ્તી થાય ત્યારે માબાપનો સ્વર્ગવાસ થાય ત્યારે એ શિવાય મુ-ડન કરાવવાથી પિતાનો ઘાત થાયછે.

હવે તીર્થનેવીશે આવ્યાંછતાં પણ મુંડન કયારે ન કરવૂં તે કહૂછું.

થોડા વખત ઉપર વીવાહ થયો હોય તો—જનોઇ ધારણ કરી હોયતો.

સ્ત્રી ગર્ભવતી હોય તો એક વરષ સુધી મુંડાવવૂ નહી.-તેમજ સમુદ્રસ્નાન કરવું નહી. મૈયતને ઉપાડવુ નહી.—પીંડદાન કરવું નહી. વૃક્ષનું છેદન કરવું નહીં પર્વત ઉપર ચઢવું નહી. આ કર્મો ગર્ભવતી સ્ત્રીનો પતી કરે તો પછી આગળ ઉપર સંતતી થતી નથી

પણ સિંહરાશીમાં ગુરૂ આવે ત્યારે ગોદાવરીને વીશે જરૂર મુંડણ કરાવવું ગર્ભાધાનવીધી વિગેરે સીંહસ્થ સાલમાં બધા દેશમાં કરવાં સીંહસ્થની સાલમાં ગોદાવરીની ઉત્તરે અને ભાગીરથીની પશ્ચીમે વિવાંહાદી કાર્યો કરવા નહીં પણ ગંગાનમીને દક્ષીણે ઉત્તમપતી મળ્યો હોય કન્યા મોટી થઈ હોય દુકાળની બીક હોય તો વીવાહ અવશ્ય કરવો

હે ષણમુખ, પણ વ્યાસજીનુ વચન છે. કે મા બાપ જીવતાં હોય તે છતાં પણ સીંહસ્થ સાલમાં મુંડન કરવાવું. અને ઉપર લખેલી ગમેતે અડચણ હોયતે છતાંપણ તીર્થોપવાસ કરીને મુંડણ કરાવવું

આ મુંડણ કરાવવાથી શીરસ્થાને વાસ કરનારાં અસંખ્યપાતકોનો નાશ થાયછે, આત્માની શુદ્ધી થાયછે, અને પિતૃને મુક્તી મળેછે માટે ગોદાવરીને કાંઠે આવિને પ્રાથના કરવી કે હે દેવી આ દીનદાસે કાયા વાચા અને મનવડે બ્રહ્મહત્યા જેવાં ગમે તેવાં ઘોર પાપકર્મો કરયાં હોય અને તે સર્વ પાતકો માથાના વાલનો આશ્રય લઇને રહેલાં હોય તો તેને માટે આ

મુંડન કરાવવું છું. કે જેથી તે પાતકોનો નાશ થાય. પછિ મુંડણ કરાવવૂં. તેપછી સ્નાન કરીને રાજદંડ, બ્રમ્હદંડ વીગેરે પ્રાયશ્ચીત લેવાં શાસ્ત્રોક્ત રીતે વ્રતનુ આચરણ કરવું [illegible] રાજા રાજપુત્ર, રોગી, અશક્ત, [illegible] એ બાલનું રક્ષણ કરવૂં. હોય તો [illegible] પ્રાયશ્ચીતનુ દાન આપવું. અથવા બ્રામ્હણોના દ્રવ્ય આપી તેમની પાસે મુંડણ કરાવરાવવું

તો પણ તેઓ એ તીર્થના ઉપાધ્યાય બોલે તે મંત્ર વડે ભસ્મસ્નાન. ગાયના છાણનૂં સ્નાન, માટીનુ સ્નાન, અને પછી [illegible] શુદ્ધ ઉદકસ્નાન કરવૂં અને બીજું વસ્ત્ર [illegible] બ્રામ્હણો [illegible] પ્રાયશ્ચીત ફગાળ કરાવવો. ઉ-પવાસ [illegible] અથવા બનીશકે તો પોતે કરવો અને પછિ [illegible] કરી પછી બ્રામ્હણે આ-રમશ્રાદ્ધ કરવૂં અને [illegible] દ્રવ્ય દઈ બ્રાહ્મણપાસે કરાવવૂ. જેમ બને તેમ [illegible] ઘરમાં વિધીવડે શ્રાદ્ધ કરી ભકતીભાવથી પિંડદાન કરવું.

શંકર૦—જેનું એવું મહત્પુણ્ય ભોગુ થયેલું હોય તેનાથીજ આવું પિંડસહીત તીર્થ શ્રાદ્ધ થઈશકેછે.

અને સપીંડ શ્રાદ્ધ કરવામાટે કેટલા મોટા પુણ્યપ્રભાવની જરૂર પડેછે તેનુ વર્ણુન થઇશકે નહી. પછી ત્રીપીંડ શ્રાદ્ધ પણ કરવૂ.

સ્કંદ૦—હે તાતજી, સપીંડ તીર્થશ્રાદ્ધનો વિધી સાંભળીને હું પાવન થયોછું પણ આ ત્રીપિંડ શ્રાદ્ધ કેવી રીતે કરવૂં અને તેનું ફલ શું તે વર્ણન કરો.

પ્રકરણ ૧૪ મું.

શંકર૦—હે ષણ્મુખ, તારા પ્રશ્નનુ ઉત્તર જે લોકો ભકતીભાવથી શ્રવણ કરશે તથા તે પ્રમાણે બરાબર આચરણ કરશે તેમના સકલ પાતકો નાશ પામશે અને તેઓ પાવન થશે. અને હમેશાનુ આનંદ સુખં ભોગવવા માટે મુકતીપદને પામશે એવૂં આ ગુપ્ત કથાનક તને કહુંછું તે સાંભળ.

એકવખત નારદમુની ઘણા હર્ષથી વીણા વગાડતાં વગાડતાં સકલ પાપ, તાપ અને દરીદ્રનો નાશ કરનાર શ્રી વિષ્ણુ ભગવાનના દરશન કરવા વૈકુંઠભુવન વિશે ગયા. ત્યારે ભક્તોવડે મોહ પામવાવાળા પ્રભૂ તેને બોલ્યા અને નારદમુનીને આસનપર બેસાડર્યા. પછિ નારદે પ્રભુનું પુજન કર્યું અને પછી પોતાના આસનપર બેસીને પુછ્યું કે હે દેવાધીદેવ, ભુતપ્રેતાદિઓને પિંડદાન આપવાથી ત્રણે લોકનુ દુઃખ નાશ પામેછે. અને તેઓ મુક્તીપદને પામેછે એમ હું સાંભળૂં છું? તો આ વાતનું ખરૂં તત્વ શુંછે તે મને કહો.

શ્રી વિષ્ણુ૦—હે નારદ, જે કોઇ પ્રાણી બાળક અવસ્થામાં જુવાન અવસ્થામાં વૃદ્ધાવસ્થામાં સ્નાન દાનાદી કર્યા સિવાય મરીજાયછે અથવા મંત્ર સાંભળ્યા-વગર અગ્નીમાં બળી જાયછે; કેદખાનમાં હાથપગમાં બેડીયુ હોયછે તેવી હાલતમાં મરી જાયછે અને ચંડાળ લોકો સ્પર્શ કરેછે. અથવા કોઇ અપઘાત કરી મરણ પામેછે. વીગેરે પ્રાણીઓને મંત્રોક્ત અગ્નીસંસ્કાર ન થવાથી ખરાબ ગતીને પામેછે અને વાયુરૂપે સર્વ દિશામાં

સંચાર કરેછે. તેમજ હે નારદ, જે પ્રાણી હમેશાં શુદ્રનુ અન્ન ભક્ષણ કરવામાં મગ્ન હોયછે, બૈરાંતથા બચ્ચાંને દુઃખ આપેછે, પરદારામાં વશ થાયછે, પરદ્રવ્ય હરણ કરેછે. વેદશાસ્ત્રને ગણકારતા નથી, ઉલટી નીંદા કરેછે, આત્માભીમાની, હમેશાં બીજાને પીડા કરવામાં તત્પર એ પ્રમાણે નાના પ્રકારના દોષીત સ્ત્રી પુરૂષો મરણ પામે ત્યારે વાયુરૂપે પોતાનાં કુટુંબમાં. ગામમાં, જંગલમાં ફરેછે. અને જીવોને પીડારૂપ થઇ પડેછે તેમને શાંત કરવામાટે આ ત્રીપીંડ શ્રાદ્ધ કરવાની જરૂર છે.

સ્કંદ૦—પ્રેતપીડા કેવીરીતે ઓળખી શકાયછે અને તેનો કીયાં પ્રકારે અનુભવ થાયછે તે કહો.

શંકર૦—હે સ્કંદ, હમેશાં ઘરમાં કલહ કંકાસ ઉત્પન્ન થવો. સદા દરિદ્ર આવસ્થા ભોગવવી. ચેહરા ઉપર શીકાશવાળી મડદાની છાયા દેખાવી વીગેરે પ્રેતપીડાના લક્ષણોછે. કોઇ કારણ વિના મનનેવિષે ભય પેદાથવું. અકસ્માત જંગલમાં ચોરો એ આપણને લુંટીજવું. પાપકર્મમાં પ્રવૃત થવું પારકું ધન હરણ

કરવાને તૈયાર થવૂં એ બધાં પ્રેતપીડાના લક્ષણોછે. તેમજ સ્વધર્મનો ત્યાગકરીને પરધર્મને સ્વીકારે-પત્નીનો ત્યાગકરી બીજે ઠેકાણે જઇ રહે પરસ્ત્રીમાં મનનેદોરે અને તેના પતી તથા ઘરના માણુસોનો દ્વેષ કરે, પુત્રનો દ્વેષ કરે; પુત્ર પિતા અને ભાઇનો દ્વેષ કરે. અને પોતાની નાતસાથે કજીયો કરે એવા બધા વિચિત્ર પરીણામ પ્રેત પીડાવડે થાયછે. આ દુષ્ટ પીડાઓનો નાશ થાય તેમાટે ત્રીપિંડ શ્રાદ્ધ કરવાની જરૂરછે.

સ્કંદ૦—તો હે મહાદેવ, આવા આ ત્રીપિંડ શ્રાદ્ધનો વિધિ વિસ્તારથી મને વર્ણન કરો.

શંકર૦—હે વીકસ, તીરથને ઠેકાણે, દેવાલયમાં, નદીના સંગમનેવીશે, આશ્રમમા, તળાવમાં અને અશ્વત્થ વૃક્ષની નીચે ત્રીપીંડ શ્રાદ્ધ કરવું ત્યાં ગયા પછિ બ્રાહ્મણો ન હોય તો ત્રણ બાળકોને બોલાવવા તે પણ ન જડે તો દર્ભના ત્રણ બાલક કરી તેમનું પુજન કરવુ પછી જવનો લોટ અને તલના ત્રણ પીંડ કરી નાખવા. પછિ ભક્તિભાવથી બ્રાહ્મણોનું પૂજન કરવુ. અને દેશકાળાદિ સ્મરણ કરીને શ્રી વિષ્ણુંની પુજા

કરવી પછી પુરૂષસુકત મંત્રવડે અથવા વિષ્ણુમંત્રવડે શુધ્ધોદકથી ભરેલો કળશો લેવો તેમાં ઉપાધ્યાય કહે તે ચીજો નાખવી અને તે કળશાને ઉપર જણાવેલા દરભના ત્રણ બાલકો બાંધવા અને તે કલશાપર વિ. ષ્ણુની સ્થાપના કરવી અને હાથ જોડી મંત્રોનું શ્રવણ કરવું અને તે કળશાની પ્રાર્થના કરવી. પ્રથમ મધમાં મેળવેલો જવનો પિંડ આપવો; એટલે પીતૃ તૃપ્ત થશે અને ઉત્તમ એવા પદને પામશે.

કેટલાક સત્વરૂપી પ્રાણી મરણ પછિ એકજ જગોએ ઉભા હોયછે તેઓને સાત્વિક અન્નનું પિંડદાન કરવાથી તે પણ મુકત થાયછે. આપણા પિતૃવંશમાથી તેમજ માતૃવંશમાથી મરીગયેલાં સર્વ જીવોની તૃપ્તી કરવામાટે સાત્વિક અન્નદાન કરવું તેમજ ખીર ખવરાવવી. તેમજ આપણા ગોત્રવાળા પુરૂષ તથા સ્ત્રીઓ બ્રામ્હણ ક્ષત્રિય વૈસ્ય શૂદ્ર વિગેરે પીડા કરેછે તેને પણ ખીરના પીંડનું દાન આપવાથી તૃપ્તથાયછે. પછી ગોત્રવાળા અથવા ગોત્ર શીવાયના બીજા બધામાટે જેમાં તલ મેળવેલાછે એવો મધુસર્પીયુકત પીંડદાન કરવું. ભુખથી પીડાતા સાત્વીક, તામસી અને રાજસી

ભૂત પીશાચો આવા ભક્તીભાવથી કરેલા ત્રીપીંડદાનવડે તૃપ્ત થઇને આનંદમાં ઉત્તમ સ્વર્ગવીશે જાયછે.

આ પ્રમાણે ત્રીપીંડ થયા પછી પૂજન કરવૂં પછી ગોદાન. ભુમીદાન. તીલદાન, હીરણ્ય, ચાંદી, વસ્ત્ર, ગોળ મીઠું વીગેરે દશદાનો આપવાં પછી તલ અને દુધ, વાળુ સંખોદક લઇને વિષ્ણુનૂ તર્પણ કરવુ અને વિષ્ણુભગવાનની પ્રાર્થના કરવી કે હે કરૂણાસાગર કૃષ્ણ, માધવ પુરૂષોત્તમ, જે પ્રમાણે ઘાસની આખી ગંજી અગ્નીનાં એક તણખાથી બળીને ખાખ થાયછે તે પ્રમાણે આ સંસાર સાગરમાં અમારાપર તું જરા કૃપાદૃષ્ટી કરીશ તો અમારા અસંખ્ય પાપો ભસ્મ થઇજશે. હે પ્રભુ. હું તને શરણ જાઉં છું એમ કહી નમસ્કાર કરવો. પછી તે બાળકોસહીત કળશાનુ વિસરજન કરવુ. અને અલંકારવાળી સફેદ વસ્ત્ર સહિત વાછડાવાળી ગાય દક્ષિણાસાથે બ્રામ્હણને દાન કરવી અને બ્રામ્હણોને તેમજ ગરીબોને દક્ષિણા આપવી પછી પોતાને ઘરે આવો. દુધ અને ઘીવાળુ ભોજન ઇચ્છાનુરૂપ બ્રામ્હણોને કરાવવૂ અને પછી પોતાના સગાંને મિત્રોસાથે ભોજન કરવું. અને હમેશા શ્રીહરીનુ ભજન કરવું.

આવો આ પ્રેતપીડા નિવારણ કરવાવાળો ત્રિપીંડીકર-ણવિધી કહ્યો. હવે તારે બિજુ શું સાભળવાની ઇચ્છા છે તે કહે !

પ્રકરણ ૧૫ મું.

સ્કંદ૦—હે તાતજી, આપે જે ભુતપ્રેતને મોક્ષ વિષે લઇ જનારો પાપનો નાશ કરનારો પુરાતન ઇતિહાસ કહ્યા તે સાંભળી મારા ચીત્તનુ સમાધાન થયુછે. તેછતાં તમારા મુખથી નિકળતુ બોધ આમૃત હજી પણ વધારેને વધારે સેવન કરવાની ઇચ્છા થાયછે.

શંકર૦—હવે તને દસદાન મહાદશદાન અને તેના ફળ કહી સંભાળવુંછુ —ગાય, ભુમી, તેલ, સોનુ; ઘી, વસ્ત્ર, ધાન્ય ગોળ, ચાંદિ મીઠું. એટલાં દશદાન કહે વાયછે તે આપવા. અને સોનુ, ઘોડો, તલ. ગાય. વિધા, જમીન; રથ, ઘર, કન્યા, કપિલા ધેનુ વિગેરે

મહા દશદાન દેવાં. તેમજ પૃથ્વી, ઘોડો, ભેંસ, દાસી ગાય બળદ, ચાંદી સોનું એ આઠ દાન દેવા. અને દેતી વખત પૂર્વ દિશા તરફ મોઢુ કરવું અને લેનાર બ્રામ્હણે ઉત્તર તરફ મોઢુ રાખાંલેવાં એટલે દાતા અને જાચકના આયુષ્યની વુદ્ધી થાયછે. ગાય વાછડા-સહિત આપવી અને જે સારા સ્વભાવની અને વધારે દુધ દેનારી આપવી. અને રંગે ગોરી હોય તો આ પનારના વંશની વૃદ્ધી થાયછે,

રાતી ગાય આપવાથી ભાગ્યશાલી થવાયછે. જે ગાંયને દાનમાં દેવાની છે તેના સીંગડા સોનાના બનાવવા. અને પગના ખુર ચાંદીના બનાવવા. તાંબાનું આચ્છાદન પીઠપર અને રત્નજડીત પુંછડું અને દુધ કાઢવા માટે કાંસાની બઘોણી અને ગાયત્રીના સર્વ અલંકાર તેને પેહેરાવીને વિધીસહિત બ્રાહ્મણને દાન કરવી દાન કરવાવાળાએ સૂર્ય તરફ મોઢુ રાખીને બ્રાહ્મણની પ્રાર્થના કરાવી કે હે કલ્યાણકારક ભૂદેવ, આ જે હું તમને અર્પણ કરૂં છું તેને પ્રેમસહીત ગ્રહણ કરો અને તેને વિષ્ણુરુપ માનીને તેના હાથ ઉપર જળ મુકવું અને સાષ્ટાંગ દંડવત કરવો પછી તે ગૌતમી દેવીને નમસ્કાર

કરીને પાર્થના કરાવી કે હે કપીલા. તું સર્વથી શ્રેષ્ઠ છે અને સર્વ દેવા તારી પુજા કરશે. તુ સર્વનો આધારછે અને તારો ઋણી જગતમા ચાલછે. હે મહાભૂતાત્મકી, લોકહિતાત્મકી વસુધરા દેવી તને ગાયના રૂપમાં બ્રામ્હણને આપુંછું તો મારા પાપનો નાશ કરી મારૂં રક્ષણ કર.

હે જમુખવાળી. તલદાન કરવાનુ ફળ પણ વિશેષછે અને તે આપવાથી અનંત પુણ્યની પ્રાપ્તી થયછે અને શાંતીસુખ ભોગવાયછે. તેમજ ધાન્ય દાન કરવાથી દેવતાઓ તૃપ્ત થાયછે. તેમજ ગોળ અને શેરડીના રસથી પણ દેવો તૃપ્ત થાયછે.

આ પ્રમાણે દાન કરીને ગુરૂની પૂજા કરવી વસ્ત્ર, અલંકાર મહાદક્ષણા દઈને તૃપ્ત કરવા તેથી દેવ પિતર સંતોષને પામેછે. સર્વ દુખ અને શોકનો પારહાર કરેછે અને તે પ્રાણી વિષ્ણુપદને તથા શાંતપદનવીશે જઈ તે રૂપમાં મળી જાયછે.

પ્રકરણ ૧૬ મું.

શંકર૦—હે ષણ્મુખ, તને હવે ગુરૂનું અને ગંગાનું પુજન કરવાનો વિધી કહુછું. અને તે પ્રમાણે પુજન કરવાથી યાત્રા કરવાનુ પૂર્ણ ફલ પ્રાપ્ત થાયછે. તે ગંગાને કાંઠે ઘેર અથવા દેવાલયમાં કરવું. પ્રથમ ભૂમી છાણુથી, લીંપવી; પછી તેપર આઠ દળવાળા કમળની રંગીત આકૃતી કાઢવી, પછિ તે કમળ ઉપર નવા વસ્ત્રનુ આસન પાથરી તે પર ગંગોદકથી ભરેલો તાંબાનો કળશો મુકવો અને તેપર ગોતમી દેવીની પ્રતિમા સ્થાપન કરવી. તેમજ ૧૬ માસા વજનની સોનાની ગુરુની પ્રતિમા બનાવી ગૌતમીની જોડેજ. બ્રહ્મદેવ. ઈંદ્ર. આંગિરસ સહિત તેમની સ્થાપના કરવી. પછી એકાગ્રચિત્તે કરીને અંગીરસ ગોત્રમાં ઉત્પન્ન થયેલ ગુરૂ સીંધુદેશવાળા ચાર ભુજાવાળા તેના હાતમાં છત્ર, દંડ કમંડલુ ધારણ કરેલા છે અને પત્નીસહ સીંહાસનપર બીરાજમાન થયેલા એપ્રમાણે ધ્યાન કરવૂં અને તે તામ્રમય કળશાપર ગુરુને સહપરીવાર આમંત્રણ કરવું. પછી

પ્રાર્થના કરવી. કે હે ગુરૂ, ત્રૈલોકને પાવન કરનારી ગૌતમી સહ તમારી પુજા કરૂંછુ. તમે ઈંદ્રાદિક દેવોના પુરોહિતછે. હું બ્રાહ્મણોનાહોટી તને માટે તમારૂં આરાધન કરૂછુ માટે હે વાચસ્પતે, જેની સુર્ય ઈંદ્રાદી પુજા કરેછે તે મારૂં કલ્યાણ કરો. એ પ્રમાણે ભક્તી ભાવથી અર્ઘ્યપાદ્યથી તે મંત્રપુષ્પાંજલી સુધી પૂર્ણ પુજા કરવી અને હાથ જોડી પ્રાર્થના કરવી કે

वाचस्पते नमस्तुभ्यं नमस्ते सुरपूजिते ॥
पुत्रसंतान सौख्यंच सर्व कामांश्च देहिमे ॥१

પછી હરીને પ્રીય થઇ પડેલી એવી ગંગાદેવીની સ્તુતી કરવી કે હે ભીમ્રવતી મકરવાહિની, શ્વેતરૂપીણિ, શ્વેતાંબરધરે, બ્રહ્મધર્પી ગૌતમી, બ્રહ્માંડવ્યાપિને માતે, પાહીમાં પાહીમાં. એ પ્રમાણે નામનો ઉચ્ચાર કરીને નમસ્કાર કરવો. શ્રી ગંગા દીવ્ય વસ્ત્ર ધારણ કરનારી મસ્તક ઉપર રત્નજડીત મુગટવાળી, દિવ્ય પુષ્પનાં ગજરા હાર તથા માળા ધારણ કરીને કાનમાં કુંડલ હાતમાં કંકણ કમરીને માસેકાદી ભુષણો, લલાટમા કંકૂ તથા કસ્તુરીનું તીલક એ પ્રમાણે ધ્યાન કરવું

અને પ્રાર્થના કરવી કે હે ગંગા, બ્રહ્માદી શીખરપર બીરાજમાન થાંવ. પછી શોડસોપચારે પુજા કરવી. ધુપ દીપ વિગેરે કરીને ફલ તાંબુલ દક્ષિણાસહીત મહા નૈવેધ અર્પણ કરવો. પછી હે મંદાકીની, સુરપુજીતે, ભોગાવતી ભાગીરથી સરસ્વતી, નર્મદે, કુશાવર્તનાશિની્યે, તને નમસ્કાર વળિ નીચેનો શ્લોક બોલવો.

श्लोक.

म[illegible]पापोपपापानां नानायोनिषुयत्कृतं॥
बालभावेव्यवस्थासुचेहजन्मनि [illegible]त ॥
१ ॥ आहारजनितं पापं क्षुतृष्णर्थेच य-
त्कृत ॥ काम क्रोधेनयत्पापं दंभ लोभेन
[illegible]नं ॥२॥ आत्मनोऽर्थेच [illegible]त्पापं परा
र्थेचैवयत्कृतं ॥ कुटुंबार्थेच [illegible]पापं मया
मोहेन यत्कृतं ॥३॥ भूतंभव्यं च यत्पापं
भविष्यति च गौतमी ॥ विनाशं यातु
तत्सर्वं महादाहवदुःखदे ॥४॥नदं[illegible]नि-

**क्रियाहीनं भक्तिहीनं च गौतमी ॥ यत्पू-
जितं मया देवी परिपूर्णं तदस्तुमे ॥ ८ ॥**

પછી પિતૃગણુની તૃપ્તી કરવામાટે વિવિધ પ્રકારના દાનો દઇને શ્રાદ્ધ કરવા અને પછી પાપનાશિની ત્ર્યંબકીદેવીને નમસ્કાર કરવો એપ્રમાણે ગંગાનુ પુજન થયા પછી શ્રી ધર્મરૂપ વૃષભની યથાવિધી પુજા કરવી. અને તે બ્રાહ્મણને દાન કરવો. પછી ત્ર્યંબકેશ્વરની પ્રાર્થના કરીને પોતાની શક્તીપ્રમાણે બ્રાહ્મણોને દાન દઇને યાત્રા સફલ થયાનો આશિર્વાદ પ્રાપ્ત કરવો. ત્યાં સાત પાંચ અથવા ત્રણ રાત રહીને પછિ પોતાને ઘેર જવું અને બંધુવર્ગસહિત દંપતી પુજન કરવું. એવું આ યાત્રાફળનું માહાત્મ જે શ્રવણ કરશે અથવા વાંચશે તે સર્વ પાપોમાંથી નિઃસંશય મુક્ત થશે.

પ્રકરણ ૧૭ મું.

શ્રી કરુ૦—હે પુત્ર. આ પ્રમાણે જે કોઈ સ્નાન દાન તેમજ પિતૃશાંતી માટે પીંડદાન તરપણ વીગેરે વિધીપૂર્વક કરેછે તેઓ આ લોકમાં આચારસપન્નતો થશેજ પણ ઇચ્છા પ્રમાણે સુખનુ સેવન કરશે તેમજ આ સીંહસ્થની સાલમાં વધારે ફળ મળતુ હોવાથી ગુરુની તથા ગંગાની પુજા કરવી પછી અગ્નીની સ્થાપના કરવી અને બૃહસ્પતી મંત્રવડે હોમ કરવો અને તીરથવાળા ઉપાધ્યાયને અલંકાર સહીત ગાય અર્પણ કરવી આખરે બ્રાહ્મણની પુજા કરીને ગુરૂ તથા ગંગાની પ્રતિમામુર્તી તેને દાન કરવા. માટે ખાસ કરીને સીંહસ્થના વરસમા ગોદાવરીની યાત્રા અવશ્ય કરવી અને પંચવટીના શ્રી રામનુ દરશન કરીને શ્રી ત્રીંબકેશ્વરના દરશન કરવા પછિ વળી ફરીને શ્રી રઘુંપતીના દરશન કરવા આ પ્રમાણે યાત્રા ક્રમે કરીને કરશે તે મને બહુજ પ્રીય થઈ પડશે અને જે કોઈ ભૂલ કરશે તેમને અધોગતી પ્રાપ્ત થસે.

માટે હે પુત્ર, આ તીર્થમાં દરેક માનવી એ ગોદાવરીનુ સ્નાન કરવું જેથી ગુપ્તમાં ગુપ્ત એવુ ફળનૂ માહાત્મ મેં તને કહી બતાવ્યું.

સ્કંદ૦—મારા કાન સ્નાન દાનના પ્રકાર સાંભળીને પવિત્ર થયા છે. પણ અશક્ત માણુસોને કઈ વિધીવડે તરવાના ઉપાય પ્રાપ્ત થાય તે સાંભળવાની ઇચ્છા છે.

શંકર૦—હે પુત્ર અશક્ત માણુસોએ બને તે, રોજ એક વખત એમ એક માસ ગંગામો સ્નાન કરવૂં અને શ્રી વિષ્ણુની પૂજા કરવી.

સ્કંદ૦—જે વિષ્ણુપૂજનવડે પુર્વજન્મના, આ જન્મના અને ભવિષ્યના પાપો નષ્ટ થાયછે એવા પવિત્ર પુજનનો વિધી કહો.

શંકર૦—સુવર્ણની એક વિષ્ણુમુર્તી બનાવીને તેની પંચપલ્લવસહીત કળશાપર સ્થાપના કરવી અને તે

મુતીની ભકતીભાવથી પુજા કરવી. પછી ઘરમાં આ- ઓની સ્થાપના કરવી અને તલ, ઘી વિગેરે અરપણ કરીને બ્રાહ્મણને દુબતી સાથ દાન કરવી અને પ્રાર્થન કરવી કે હે ભુદેવ, આપના આશીરવાદવડે અમારૂં કલ્યાણ થાય. જેથી સીદ્ધસ્થતી જાત્રા પરિપૂર્ણ થાયછે.

અથકત લોકો એ વિષ્ણુભક્તી કરવો. પંચાંમૃતવાળી સર્વ દેવોની પુજા કરવી અને પુરૂષસુકતવડે હોમ કરવે અને વિષ્ણુનામવડે તર્પણ કરવું.

श्लोक.

लक्ष्मीपते महाबाहो जन्मव्याधि निबा-
रक ॥ बलिमन गृहाणत्वं मोक्षदस्त्वं
सदाभव ॥ १ ॥

એ પ્રમાણે મહાવિષ્ણુનો પ્રાર્થના કરવી આ પ્રમાણે યાત્રાવિધી કરવાથી વિષ્ણુપદનિ પ્રાપ્તી થાયછે તેમજ નીલ વૃષભં દાન વિધી કરવો એટલે જુવાનબળદ અને વાછડિ એ એનુ પુંજા સહિત દાન કરવું. તેમને

કંઇ પણ કામકાજ કરવા દેવુ નહી. યથેચ્છ ફરવુ હરવુ કામવિહાર વિગેરે કરવા દેવા. આવા દાનથી અશ્વમેધનૂ પુણ્ય પ્રાપ્ત થાયછે. આ પરમાણે ગુપ્તમાં ગુપ્ત એવું દાન તને કહ્યું હવે તારે શું સાંભળવાની ઇચ્છાછે તે કહે.

પ્રકરણ ૧૮ મું.

સ્કંદ૦—હે વિશ્વના આત્મા, ત્રિપુરાંતક, મારા મનનુ હજી સમાધાન થતુ નથી.

શંકર૦—આ પ્રમાણે વિધી પૂર્વક યાત્રા કર્યા પછી ગોદાવરીની પ્રદક્ષીણા કરવી તે જમણી બાજુથી કરવી અને ત્રણે પોહોરના નિત્યકર્મો કરીને અને સર્વકાળ ગંગાનૂ પૂજન કરતાં કરતાં તેજ સ્થાનકેશે પાછા આવવું, એટલે પ્રદક્ષીણા પુરી થઇ. એનૂ ફળ વર્ણન

કરવાને હું પણ સમર્થ નથી. વળિ આપણા આત્માના હીત માટે સવારમાં અરુણોદય થતાંજ ઉઠવૂં અને ભગવત ચીંતન કરીને મુખમારજન થયા પછી કુશાપવર્તપર સ્નાન કરવુ. અને સંધ્યા કરવી અને ગંગા પૂજન કરીને પાંચવાર તે તીર્થની પ્રદક્ષિણા કરવી અને આસપાસના દેવતાઓનુ પણ પૂજન કરવુ. તેમજ કુશેશ્વરનૂ આશ્વિનીકુમારનુ, સંગમેશ્વરનૂ અને બિલાખ્ય દેવતાંનુ પૂજન કરવૂં. ધનેશ્વર, ત્રિસંધેશ્વર, ભુવનેશ્વ અને કપોતીશાતકનુ પૂજન કરવું. તેમજ ત્રિણકેશરનુ પુજન કરવુ. પછી મહાભીમ હનુમંત, ભીમેશ્વર, કુમારેશ્વર, મુચકુંદેશ્વર, પિપ્પલેશ્વર અને પિતૃતીર્થમ ગોવર્ધનેશ અને પીત્રેશ્વરનુ પજન કરીને ફરતાં ફરતા કાશ્યપ સંગમ ઉપર આવવૂં અને શીવનિ, લોકપાવનિ, દેવીની તેમજ ત્રિપથગામિનીની સ્તુતી કરવી કે

શ્લોક.

"નતેવિભૂતિં નનુ वेत्ति को वित् त्रैलोक्यवंद्ये-
जयदेविगंगे ॥ गौरीसमालिंगितविग्रहो-
पि भक्तेस्मरारिः शिरसा पितेव ॥ १ ॥"

" तारिणि तापदग्धानां दक्षिणंतीर-
माश्रयेत् ॥ "

એમ કહી નમસ્કાર કરવો. વાઘેસ્વરીનું પુજન કરીને અર્કતીર્થપર આવવું. સુરેસ્વરી દેવી, ચક્રેસ્વર, વિષ્ણુનુ પુજન કરવું અને વારંવાર ગંગાદેવીના નામનું પુજન કરતાં કરતાં રામગંગા સંગમપર રામેશનું પુજન કરવુ પછી પ્રયાગેશ, ગણુનાયક, ભૈરવ, મત્તભૈરવ નાગેસ્વરનૂં પુજન કરવૂં. ગૌતમતીર્થ ઉપર આવી ગૌતમેશને નમસ્કાર કરવો. પછી પાછા કુશાવર્તતીર્થને વીશે આવી પ્રદક્ષીણા પુરી કરવી.

श्लोक.

" प्रदक्षिणामया देवि कृतातेमोक्षदायिनि
पूर्णाभवतुसान्निध्यात्तवगोदे हितप्रदं ॥ १ ॥"

એમ કહી નમસ્કાર કરવો. અને ઘેર આવીને બ્રાહ્મણને ઇચ્છાનુસાર જમાડવા.

આવું પાપહારક અને પુણ્યદાતા મહાન દુર્લભ સર્વ કામના પરીપુર્ણ કરનારુ ગોદાવરીનું પ્રદક્ષીણા ચરીત્ર શ્રવણ કરવાથી પ્રાણીમાત્રોને તેની પ્રત્યક્ષ પ્રદક્ષીણા કરવા જેવીજ ફળપ્રાપ્તી થાયછે. વળી એવા ભાગ્યવાન પ્રાણીને આ ચરિત્રથી. શ્રી શંકરના દર્શનનો પણ લાભ મળવી શકાયછે.

શંકરઃ—હે વત્સ,

श्लोक.

ब्रह्मोदुंबरमूलतः समुदितास्वच्छंदसंचा-
रिणी श्रीमद्गौतमपुंण्यसंचयशःश्रेणीत्रि-
वेणीभुवः ॥ पापाद्रेरतिहारिणीसहज-
टामुक्ताफलाकारिणी ॥ सागंगागुहपातु
विश्वमखिलंदेवीमनोहारिणी ॥ १ ॥ इति-
सकलजनानांपावनीयंपवित्रं सुरवरमुनि
वृंदैर्गीयमानंचरित्रं ॥ तवनिगदितमेतत्कृ-

ब्रुषायःपठेद्वा व्रजतिशिवसमीपंआयये
स्सोचित्तवृत्॥ २ ॥

પ્રકરણુ ૧૯ મું.

શંકરઃ—દૂર દેશના લોકો એ સીંહરાશીમાં ગુરૂ હોય ત્યારે ગોદાવરીની યાત્રા અવશ્ય કરવી. તેમજ ગોદાવરીને કાંઠે નિવાસ કરનારા સર્વ લોકો એ નવમે દિવસે તીર્થશ્રાદ્ધ કરવું અને મુંડન અને ઉપવાસ કરવા નહી. નવમી એ પિંડપ્રદાન કરવું જેથી સર્વ પિતૃગણ મુક્ત થાયછે.

સીંહસ્થ સાલ જ્યારે શરૂ થાયછે. ત્યારે પહેલા પંદર દીવસમાં શ્રી પુષ્કર ક્ષેત્રમાં ગોદાવરી આવેછે. માટે આ પુષ્કર ક્ષેત્રમાં એક દિવસ સ્નાન કરવાથી આખા સિંહસ્થનું ફળ પ્રાપ્ત થાયછે. નાના પ્રકારના

પાતકી લોકોના પાપનો નાશ કરવા માટે ઔદુંબર વૃક્ષના મૂલ માંથી ગંગા અવતીર્ણ થઇછે.

તેમજ બીજૂં કુશાવર્ત નામનું દુર્લભ તીર્થ અગણિત પુણ્યના સંચય વડે કરીને પ્રાપ્ત થયુંછે. જ્યાં સુર્યગ્રહણસમયે પોતાના વજન જેટલું સુવર્ણદાન કરવાથી મહત પુણ્ય પ્રાપ્ત થાયછે. ગોદાવરીના સ્નાનથી, જપથી ધ્યાનથી તેમજ દાનથી મહાત્મનું પઠણ કરવાથી વળી શ્રવણથી પણ મનુષ્યને મુક્તી મળી શકેછે જે કોઇ ગોદાવરી માહાત્મનું ભક્તી ભાવથી પઠણકરે અને ભક્તીમાન લોકોને શ્રવણ કરાવે તેમે પરમ પવિત્ર એવી ગતી પ્રાપ્ત થાયછે. પ્રાણી માત્રની ઇચ્છા સહેજમાં ફળીભૂત કરનાર આ માહાત્મછે. તેમજ સીંહસ્થમાં સોનાના સીંહાસન વાળુ સીંહસ્થ માહાત્મ તથા ગોદાવરી માહાત્મનું પુસ્તક દાન કરશે તેના મહત્પુણ્યનો અંતજ નથી. માત્રતે સપાત્ર એવા બ્રાહ્મણનેજ આપવું.

તો હે પૂત્ર જે કોઇ નીત્ય પવીત્ર થઇને એકાગ્રચિત્તે અંતઃકરણ પુર્વક ગોદાવરી માહાત્મ સાંભળેછે. તે મહા પાતકો માંથી છૂટેછે. અને આખરે ગોદાવરીના પ્રસાદેકરીને દુર્લભ એવા મોક્ષને પામેછે.

એ પ્રમાણે તીર્થયાત્રાદી વર્ણન વીશેનો શ્રી શંકર અને સ્કંદનો સંવાદ આ પ્રકરણમાં સમાપ્ત થયો.

॥ ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

સમાપ્ત.

